
بسم الله الرحمن الرحيم

أكرموا أولادكم وأحسنوا أدبهم

અવલાદને બા-ઈઝ્ઝત (પ્રતિષ્ઠિત) બનાવો અને તેમને
બેહતરીન આદાબ (વિવેક) શિખવાડો ([illegible])

# તોહફએ તરબિયત

બાળકોની દીની-દુન્યવી,ઇલ્મી, અખ્લાકી
અને માનસિક, કેળવણીના ઉપાયો




સંપાદક
મૌ.શમ્સુલહક હાશીમ
ચાંગા-જી.આણંદ (ગુજરાત)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَكْرِمُوْا اَبْنَآئَكُمْ وَاَحْسِنُوْا اَدَبَهُمْ (ابن ماجه ۲/۱۲۱۱)

અવલાદને બા-ઈઝઝત (પ્રતિષ્ઠિત) બનાવો અને તેમને બેહતરીન આદાબ (વિવેક) શિખવાડો (ઈબ્નેમાજહ-૨/૧૨૧૧)

# તોહફએ તરબિયત

બાળકોની દીની-દુન્યવી, ઈલ્મી, અખ્લાકી અને માનસિક, કેળવણીના ઉપાયો


-: સંપાદક :-

મૌ. શમ્સુલહક હાશીમ

ચાંગા-જી. આણંદ (ગુજરાત)

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | :- | "તોહફએ તરબિયત" |
| સંપાદક | :- | મૌ. શમ્સુલહક હાશીમ<br>ચાંગા-જી.આણંદ-૩૮૮૪૨૧ |
| આવૃતિ | :- | પહેલી |
| પ્રત | :- | ૧૦૦૦ (કોપી) |
| પ્રકાશન વર્ષ | :- | જીલ્કાઅ્દહ-૧૪૩૪-હી.<br>ઓગષ્ટ-૨૦૧૩ |
| મુલ્ય | :- | અમલ કરો,<br>આ પૈગામ બીજાને પહોંચાડો. |

સંપર્ક

ફોન: ૯૯૨૫૫૪૨૩૨૦

**ઉમ્મતના તમામ મર્હુમોના ઈસાલે**

**સવાબ માટે છપાવી વકફ કરી**

# અનુક્રમ મણિકા


| | વિષય | પેજ નંબર |
|---|---|---|
| (૧) | ઈલ્મે દીન માટે ખર્ચ કરવાની ફઝીલત | ૬ |
| (૨) | ઔલાદ અતિ મુલ્યવાન દૌલત છે | ૬ |
| (૩) | માં-બાપની જવાબદારીઓ | ૭ |
| (૪) | યાદ રાખો | ૭ |
| (૫) | ઈસ્લામી રીતભાતની કેળવણી | ૮ |
| (૬) | તરબિયતના સોનેરી સિધ્ધાંતો | ૮ |
| (૧) | સંતાનો માટે દુઆ કરવી | ૮ |
| (૨) | દુઆમાં શું માગશો ? | ૮ |
| (૩) | બાળકોને નમ્રતા અને હુંફ આપો | ૯ |
| (૪) | યોગ્ય સમયે વાત કરવી | ૯ |
| (૫) | બાળકોની સમયસરની અનુકુળ વાતો સાંભળો ! | ૯ |
| (૬) | માનસિક સ્તર પ્રમાણે વાત કરો | ૧૦ |
| (૭) | નેક કામમાં સહકાર આપો | ૧૧ |
| (૮) | બાળકો વચ્ચે સમાનતા જાળવો | ૧૧ |
| (૯) | મસ્નુન દુઆઓ મૌકા પ્રમાણે પઢતા રહો. | ૧૧ |
| (૧૦) | સુન્નતની પાબંદી કરવી | ૧૨ |
| (૧૧) | બાળકો માટે યોગ્ય રમતો | ૧૨ |
| (૧૨) | દરેક સમયે રોકટોકથી બચવું | ૧૩ |
| (૧૩) | માનસિક કેળવણી | ૧૩ |
| (૧૪) | બાળકોનું દિલ જીતવું | ૧૩ |
| (૧૫) | બાળકની પ્રશંસા કરવી | ૧૪ |
| (૧૬) | બાળકનો ઊત્સાહ વધારવો | ૧૪ |
| (૧૭) | ધીરેધીરે કામ સોંપવું | ૧૫ |
| (૧૮) | લોભ અને ભય બંન્નેવથી કામ લો | ૧૬ |

| | | |
|---|---|---|
| (૧૯) | આવો આપણે નિર્ણય લઈએ | ૧૬ |
| (૨૦) | આત્મવિશ્વાસ જન્માવો | ૧૭ |
| (૨૧) | સ્કુલ મદ્રસાના મિત્રો | ૧૭ |
| (૨૨) | આપણું ધ્યાન ખામીઓ તરફ ગયું નથી | ૧૮ |
| (૨૩) | બાળકોને અદબ (મર્યાદા) શિખવાડવું | ૧૮ |
| (૨૪) | ઈમાનની કેળવણી | ૧૯ |
| (૨૫) | નબીયે કરીમ(સ.અ.વ.)ની મોહબ્બત પૈદા કરવી | ૨૦ |
| (૨૬) | કુર્આન મજીદ સાથે લગાવ પૈદા કરવો | ૨૦ |
| (૨૭) | નમાઝની તાલીમ આપો | ૨૧ |
| (૨૮) | બાળકોને રોઝા રાખવાની ટેવ પાડો | ૨૨ |
| (૨૯) | બાળકોના હાથે ઝકાત અપાવવી | ૨૨ |
| (૩૦) | બાળકોને હજ્જ શિખવાડો | ૨૨ |
| (૩૧) | ઈમાન પર કાયમ રહેવાનો પાઠ શીખવવો | ૨૩ |
| (૩૨) | અખ્લાકી કેળવણી | ૨૪ |
| (૩૩) | બાળકોને સત્ય બોલવાની ટેવ પાડો | ૨૪ |
| (૩૪) | ચાડી ચુંગલીથી બચાવો | ૨૫ |
| (૩૫) | બાળકનું સમય પત્રક સંપાદન કરો | ૨૫ |
| (૩૬) | સલામ કરવાની ટેવ પાડો | ૨૬ |
| (૩૭) | પોતાના કામની જવાબદારી શિખવો | ૨૬ |
| (૩૮) | સારા મિત્રોની પસંદગી | ૨૭ |
| (૩૯) | દીને ઈસ્લામનું ઈલ્મ પ્રાપ્ત કરાવો | ૨૯ |
| (૪૦) | બાળક માટે મુત્તકી ઉસ્તાદ શોધો | ૩૦ |
| (૪૧) | અરબી ભાષાનો શોખ પૈદા કરો | ૩૧ |
| (૪૨) | વહેલા સુઈ વહેલા ઉઠવું | ૩૨ |
| (૪૩) | કપડાં વાળ અને નખની સફાઈ રાખો | ૩૩ |
| (૪૪) | ફર્ઝ ગુસ્લની રીત બતાવી દેવામાં આવે | ૩૩ |
| (૪૫) | વિવેક મર્યાદામાં રહો | ૩૩ |

| | | |
|---|---|---|
| (૪૬) | તે દિલ નથી પથ્થર છે. | ૩૪ |
| (૪૭) | કોઈની નિંદા, મશ્કરી, નખરાં, અડપલાં ન કરો | ૩૪ |
| (૪૮) | મેહફિલમાં બુઝુર્ગો વડીલોની નિંદા ન કરો | ૩૪ |
| (૪૯) | વાતચીતમાં વિવેક જાળવો | ૩૫ |
| (૫૦) | વાતચીત કરવાનો તરીકો | ૩૫ |
| (૫૧) | વાતચીતમાં સાવચેતી રાખો | ૩૬ |
| (૫૨) | વાત સાંભળવાના અદબ | ૩૬ |
| (૫૩) | સમયનો સદ્ ઊપયોગ શિખવો | ૩૭ |
| (૫૪) | ફુઝુલખર્ચીમાં નાણાં બરબાદ કરશો નહિ | ૩૮ |
| (૫૫) | ઘરને નાજાઈઝ વસ્તુઓથી પાક રાખો | ૩૮ |
| (૫૬) | શયતાનથી દુશ્મની રાખો | ૪૦ |
| (૫૭) | બીજાને ઘેર પરવાનગી લઈને દાખલ થવું | ૪૦ |
| (૫૮) | મિશ્ર મેહફિલોથી દૂર રહેવું | ૪૧ |
| (૫૯) | બાળકને ગંદી ફિલ્મો અને ડ્રામાથી દૂર રાખો | ૪૧ |
| (૬૦) | હિમ્મત રાખો અને કોતાહીઓનો ઈલાજ કરો | ૪૧ |
| (૬૧) | અલ્લાહવાળાઓની સોહબતમાં રહો. | ૪૨ |
| (૬૨) | એક ફાયદા કારક તદબીર | ૪૨ |
| (૬૩) | મનોરંજન અને બેહયાઈ | ૪૨ |
| (૬૪) | ટી.વી એટલે ગુમરાહીની અંતિમ હદ | ૪૩ |
| (૬૫) | ફિલ્મી સ્ટારોએ સમાજને શું આપ્યું | ૪૩ |
| (૬૬) | ટી.વી.ના આશિકો એવું ન સમજે | ૪૪ |
| (૬૭) | હજું પણ સમય છે. | ૪૪ |
| (૬૮) | ટી.વી.ને ઘરોમાંથી કાઢી મુકો | ૪૫ |
| (૬૯) | ટી.વી. વિષે અંતિમ ગુજારિશ | ૪૫ |
| (૭૦) | અંતિમ ગુજારીશ | ૪૫ |
| (૭૧) | મકાતિબનું મહત્ત્વ બુઝુર્ગોની નજરમાં | ૪૬ |
| | | |

## અભિપ્રાય

બિસ્મિહી તઆલા

"અલ્હુમ્દુલીલ્લાહે વસ્સલાતો અલા અહલીહા"

નજર સમક્ષ કિતાબ "તોહફ-એ-તરબિયત"નું ધ્યાન પૂર્વક વાંચન કર્યું કિતાબ પઢતાં એટલું જરૂર કહેવાય કે તરબિયતના તમામ મુદ્દાઓનું પૂરતુ ધ્યાન રાખીને તૈયાર કરેલી એક ખુબજ ક્રમ બધ્ધ અને દલીલો યુકત કિતાબ છે. અને ઘણીજ લાભ કારક, વિચાર પ્રેરક છે. મુરબ્બીઓ માટે ઈસ્લાહ અને તરબિયતના ક્ષેત્રમાં માર્ગ દર્શક મશાલ છે. કિતાબ એ લાયક છે કે દરેક ઘરમાં હોય, એને વાંચવા-વંચાવવામાં આવે. એના અનુસાર સમાજ સુધારણાનો પ્રોગ્રામ બનાવવામાં આવે.

અને આ કિતાબ જોતા મોહતરમ લેખકની ઈલ્મી સલાહીયત સાથે મિલ્લત પ્રત્યેનું દર્દ અને ફીકરો જણાઈ આવતા દિલથી દુઆ છે કે અલ્લાહ તઆલા આ કિતાબને હઝરત મૌલાના માટે સદકએ જારીયહ અને વડીલો તેમજ સમાજ સુધારકોને વધારેમાં-વધારે વાંચવાની અને એના પ્રમાણે બાળકોની તાલીમ તથા તરબિયતની અને અમલની તૌફીક આપે...આમીન.

દુઆગો :-
મુફ્તી મોહમ્મદ ફારૂક, ફલાહી, મદની.
ઉસ્તાદુલ હદીષ વત્તફસીર જામિઆ અક્કલકુવા
૩-મોહર્રમ.૧૪૩૫. હીજરી.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**સંતાનોની સાચી કેળવણી :-** **-: મા-બાપ વાલીઓની સેવામાં :-**

મા-બાપ પોતાના સંતાનોનું યોગ્ય પાલન પોષણ અને સાચી કેળવણી દ્વારા ઉછેર કરે છે. અને પોતાના સંતાનો પ્રત્યે અનહદ પ્રેમના કારણે સંતાનોના સુખ સગવડોનો વિચાર કરે છે. ઘણા લોકો બાળકોના શિક્ષણ અને કેળવણી પાછળ પણ લખલુટ રકમ ખર્ચ કરતા હોય છે.

મા-બાપની ઈચ્છાઓ એવી હોય છે કે તેમના સંતાનો સફળ બની તેઓ સારા વારસદાર બને, પરંતુ હાલના સંજોગોમાં વિટંબણા એવી છે કે ઘણા લોકો પોતાના સંતાનોની કેળવણી એવી રીતે કરી રહયા છે. જે બાહ્ય સ્વરૂપે તો લાભ દાયી લાગે છે. પરંતુ તેઓ સાચી સફળતાથી દૂર જઈ રહ્યા છે.

દા.ત.ઘણા લોકો પાતાના સંતાનોને એશ-આરામની વસ્તુઓ લાવી દે છે. અને ખર્ચ માટે ખુબ પૈસા આપે છે. તેઓ જયાં હરવા ફરવા જવા ઈચ્છે ત્યાં જવાની અનુમતી આપી દે છે. જે પ્રકારના ફેશનેબલ વસ્રોની ઈચ્છા કરે તે લાવી દે છે.જેનું આગળ જતાં પરિણામ એ આવે છે કે બાળકો ખોટા માર્ગે ભટકતા થઈ જાય છે.

જો શરૂઆતથી જ તેમનો ઉછેર સાચી દિશામાં કરવામાં આવે. અને અમર્યાદિત સ્વતંત્રતા ન આપવામાં આવે તથા તેમની તમામ ઈચ્છાઓ સત્વરે પુરી કવાને બદલે વિચાર પુર્વક સુંદર રીતે ધ્યાન પુર્વક કરે તો પરિણામ સારું મળે.

આજકાલ દરેક બાબતને ભૈતિક લાભા લાભના માપ દંડમાં તોલવામાં આવે છે. શિક્ષણ બાબતે પણ આ દ્રષ્ટિથી કામ લેવામાં આવે છે. પરંતુ હકીકતમાં ફકત ધન-વૈભવની પ્રાપ્તી એજ સાચી સફળતા નથી.

ધન-દોલતથી દુનિયાના જીવનમાં તો કંઈક સુખ સગવડ પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ પરલોક (આખિરત)ની સાચી સફળતા પણ પ્રાપ્ત થઈ જાય એ જરૂરી નથી.

બાળકો માટે એવા શિક્ષણ અને કેળવણીનો પ્રબંધ કરવામાં આવે જે તેઓને સાચી સફળતા પ્રાપ્ત કરવામાં સહાયક બને.

વાલીઓ એ વાતની ખાસ ચિંતા કરે, કે તેમનું વ્હાલું સંતાન સદ્કર્મો કરી નર્ક (જહન્નમ)ની આગ અને યાતનાઓથી મુકિત મેળવી શકે "દોઝખ ભયંકર તકલીફોનું સ્થાન છે. જેનું બળતણ પથ્થર અને માણસો બનશે." (સૂરએ બકરહ-૨૪)

"અલ્લાહ તઆલાનું ફરમાન છે. કે સાચા શ્રધ્ધાળું બંદાઓ તમો પોતાની જાતને તથા પોતાના કુટુંબીઓને નર્કની ભયંકર આગથી બચાવો." (સૂરએ તહરીમ-૬)

બાળકોને ધાર્મિક જ્ઞાન, સંસ્કાર લક્ષી શિક્ષણથી વાકેફ કરો. કારણ કે શિક્ષણનો મુખ્ય હેતું માણસને સાચો પંથ દર્શાવવાનો, અને અલ્લાહ તઆલા પ્રત્યે શ્રદ્ધા-અને યકીન મજબુત બનાવવાનો છે.

આ સમગ્ર સંસારની પ્રત્યેક વસ્તું નાશવંત છે. માત્ર અલ્લાહ જ અવિનાશ-અમર છે. તેણેજ સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે. તેજ રોજી આપનાર અને સાચો માલિક છે. તેની ઈચ્છા વિના પાંદડું પણ હલતું નથી. જેથી બંદગીને લાયક માત્ર તેની જ જાત છે. તેના આદેશોનું પાલન કરવું ખુબ જરૂરી છે. દરેકને જીવનના અંત પછી તેની તરફ પાછા ફરવાનું છે.

આમ સૃષ્ટિના સર્જનહાર પરમ કૃપાળું, અલ્લાહ પ્રત્યે દ્રઢ શ્રદ્ધા અને તેણે મોકલેલા સંદેશ વાહકો (પયગંમ્બરો) પર સંપૂર્ણ ઈમાન દ્વારા મનુષ્યની સાચી સફળતાની શકયતાઓ સ્પષ્ટ બની જાય છે.

શિક્ષણ સાથે કેળવણીના સિધ્ધાંતોની અવગણના ન કરી શકાય.

જ્યાં ફકત પુસ્તકયું જ્ઞાનની શિક્ષણ વ્યવસ્થા છે. પરંતુ કેળવણીની ઊણપ હોય તો. માણસને તેના સાચા જીવન ધ્યેય થી દૂર કરી માત્ર ભૌતિક સુખ, સ્વાર્થ, લાલચું, અને આળસું જેવી ખતરનાક બિમારીઓથી ભરેલું રમકડું બનાવી દે છે.

જો બાળપણથીજ શિક્ષણ સાથે કેળવણી દ્વારા સારા સંસ્કાર સિંચનની તાલીમ અપાય તો સોનામાં સુગંધ ભળે.

બાળકોમાં સારા સંસ્કારો માટે એ વાત જરૂરી નથી કે માત્ર શૈક્ષણિક સંસ્થાઓમાંજ તે શિખવાડાય અને ઘરોમાં તેમને આઝાદ છોડી દેવામાં આવે - બલ્કે જે ઘડતર ઘરે કરવામાં આવે તે સામાન્ય રીતે વધું દ્રઢ અને અસરકારક સાબિત થાય છે. વળી ઘરે બાળકોને કેળવવા વધુ સરળ હોય છે.

મા-બાપ પોતે પ્રથમ સારા સંસ્કારી હોવા જરૂરી છે. પહેલાં પોતે તેના ઉપર અમલ કરનારા હોવા જોઈએ. કેમકે બાળકો તેના મા-બાપનું અનુકરણ કરતા હોય છે.

મા-બાપ જેવાં વસ્ત્રો પહેરે છે. પોતાનાં બાળકોને પણ તેવાંજ વસ્ત્રો પહેરાવે છે. બાળકો પણ તે શોખથી પહેરે છે. જો મા-બાપ બંદગી કરે તો બાળકો પણ તેનું અનુકરણ કરી બંદગી કરે છે.

મા-બાપ સલામની આદત પાડે, સંસ્કારીવાતો શિખવે તો બાળકો ખુબ ઝડપથી મા-બાપની વાતો અને રીતભાતને સ્વીકારી લે છે.

અફસોસની વાત એ છે કે આજકાલ સમાજના ઘણા કુટુંબોનો માહોલ એટલી હદે સ્વચ્છંદી બની ગયો છે. કે બાળકો ઉપર સંસ્કારોની અસર જોવા મળતી નથી મા-બાપ-વડીલો પોતે રાત્રે મોડે સુધી ઉજાગરા કરે છે. અને સવારે મોડા સુધી સૂઈ રહે છે. અને બાળકોને પણ એવી જ આદત પડી જાય છે.

કેટલાય માં-બાપ જાત જાતના વસ્ત્રો પોતે પણ પહેરતા હોઈ પોતાના સંતાનોને પહેરાવતા હોય છે. ઘણી જગાએ સ્ત્રીઓના નકામા ઠઠારા મેકએપ તથા ફેશનની સીધી અસર બાળકો પર થાય છે. અને કુમળી વયની બાળાઓ પણ નાની વયે મેકઅપ વગેરે કરવા લાગે છે. પાછળથી તેના ઘાતક પરિણામો ભોગવવા પડે છે. જેથી માં-બાપે બાળકોના શિક્ષણ અને કેળવણી બાબતે ખુબ ગંભીરતા પૂર્વક જાગૃત થવાની જરૂર છે.

વર્તમાન યુગમાં ડંખીલી અને ઝેરીલા પશ્ચિમી વિનાશકારી સંસ્કૃતિના જીવલેણ ઘોડા પુરે આપણા સમાજને પણ ભરડામાં લઈ લીધો છે. જેના પરિણામે આપણો સમાજ અનેક બુરાઈયોથી ખદબદી રહ્યો છે. આવા કપરા સમયે આપણે સારા શિક્ષણ અને કેળવણી સાથે પોતાના સંતાનોની હિદાયત માટે દુઆ પણ કરતા રહેવું જોઈએ. માં-બાપની દુઆઓ સંતાનોના હકમાં ખેતી માટે પાણી સમાન છે.

આશ્ચર્યની વાત એ છે કેટલાંય મા-બાપ પોતાના સંતાનોને અનહદ પ્રેમ કરે છે. તેમના માટે સારામાં સારી સગવડો ઉપલબ્ધ કરાવે છે. જમીન-જાગીર ખરીદે છે. વિશાળ બંગલાઓ બનાવે છે. કે તેમના સંતાનોને તકલીફ ન પડે. આરામ દાયક જીવન જીવી શકે. પરંતુ તેમના શિક્ષણ અને સારા સંસ્કારોના અભાવે તેમનું જીવન અંધકાર મય બનતું જાય છે. છેવટે પોતાની વૈભવી સહુલતો હોવાં છતાં સર્જનહાર અલ્લાહ તઆલાની મરજી મુજબ તથા પ્યારા નબી (સ઼લ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મુબારક સુન્નતોનું નિકંદન કાઢી બંન્નેવ જહાનની બરબાદી વહોરી લે છે.

## કિતાબ લખવાનું કારણ :-

આપણાં બાળકો ઊચ્ચ ઈસ્લામી અખ્લાકનું જ્ઞાન પ્રાપ્ત કરી તેના ઉપર અમલ કરે. જેથી આપણું જીવન સુખ-શાંતિથી પસાર થાય આખેરતમાં સફળતાનો આધાર પણ નેક કાર્યો તથા ઊચ્ચ અખ્લાક ઉપર આધારીત છે.

સાથે ગેર મુસ્લિમ ભાઈઓ સુધી પણ કિતાબ પહોંચાડવાનો શુભ આશય છે. કારણ કે તેઓ આપણી બદ અખ્લાકી અને કુસંસ્કારોને તથા ખોટા વ્યવહારોને ઇસ્લામ સમજી બેઠા છે. તો તેમને પણ ઈસ્લામી અખ્લાકની ખુબીઓ અને લોકોના હક્કોની અદાયગી પ્રત્યેની સભાનતા અને જીવનના દરેક પાસા વિષે ઈસ્લામી અખ્લાકની વિશાળતાની જાણકારી મળી શકે.

અલ્લાહ તઆલા લખનાર વાંચનાર, તથા બધાજ ભાઈ બહેનો અને બાળકોને ઊચ્ચ ઈસ્લામી અખ્લાક જીવનમાં ઉતારવાની તૌફીક આપે. (આમીન)

વસ્સલામ
મૌ. શમ્સુલહક હાશીમ
ચાંગા- જી. આણંદ ગુજરાત
૧૬ જમા-આખર ૧૪૩૪ હી
તા. ૨૭-૪-૨૦૧૩ શનિવાર

## (૧) ઈલ્મે દીન માટે ખર્ચ કરવાની ફઝીલત :-

ઈલ્મને ફેલાવવા માટે એક પૈસાનો ખર્ચ કરવો બીજા નેક કાર્યોમાં કરોડો રૂપિયા ખર્ચ કરવાથી બહેતર છે.

(ઈર્શાદાતે મુજદ્દીદ અલ્ફેસાની (રહ.)પેજ.૪૦-મકતુબ-૪૮)

## (૨) ઔલાદ અતિ મુલ્યવાન દૌલત છે :-

પરંતુ આ દૌલત દરેક વ્યકિતના હકમાં નેઅમત અને રહમત પુરવાર થતી નથી-બલ્કે અમુક લોકોના હકમાં તેમની ઔલાદ તકલીફ અને કષ્ટ રૂપ અને વલાબેજાન પણ બની જતી હોય છે.નાફરમાન-બંડખોર ઔલાદના કારણે ઘણા લોકોના જીવન અસ્ત-વસ્ત અને અજીરણ બની જતા હોય છે.

આજના સમયમાં મા-બાપની નાફરમાની ના આધાત-જનક, ચિંતા પ્રેરક દ્રશ્યો અવાર નવાર નજરે પડતા જ રહે છે.

મા-બાપ તરફથી ઔલાદની દીની અને અખ્લાકી તરબિયત પ્રત્યેની ગફલત અને ઊદાસિનતા ના કારણે જ મા-બાપે આવા દુઃખ દાયક અને કરૂણ પરીણામો ભોગવવા પડે છે.

ઔલાદ નેઅમત અને રહમત ત્યારે જ બની શકે છે.જ્યારે તે નેક હોય અને કેળવાયેલી હોય.તેમજ ઈસ્લામી સંસ્કારોથી શુશોભિત હોય.

ઔલાદની સારી તરબિયત તેમને નેક અને સાલિહ બનાવવામાં અત્યંત મહત્વની ભુમિકા ભજવી શકે છે.

ઈસ્લામે પોતાના અનુયાયીઓને તાલીમ અને તરબિયતનો એવો સુંદર અને કલ્યાણકારી નિઝામ અર્પણ કર્યો છે. જેને અમલમાં મુકી તેઓ કામ્યાબ જીવનના ઊચ્ચ સિધ્ધીના સોપાન સર કરી શકે છે.

ઔલાદની તાલીમ અને તરબિયત કરવી પ્રત્યેક મુસ્લિમ માટે જરૂરી અને અનિવાર્ય છે. બલ્કે અલ્લાહ તઆલા તરફથી નિયુકત કરેલ ફરજ અને કર્તવ્ય છે.

તરબિયત કરવા માટે નબવી તરીકો એક અતિ સુંદર અને અનમોલ તોહફો છે. તેને નજર સમક્ષ રાખી શરીઅતના ચીંધ્યા માર્ગે તરબિયત કરી ઔલાદને અને પોતે પણ જન્નતને પાત્ર બની શકે છે.

## (૩) માં-બાપની જવાબદારીઓ :-

બાળકોને જોઈને માં-બાપનું દિલ ખુશ થાય છે. તેમના માસુમ ચહેરા જોઈ આંખો ઠંડી થાય છે. તેઓ આપણને જાનથી વધારે પ્યારા લાગે છે, એટલા માટેજ માં-બાપ ઔલાદના સુખ-સગવડ માટે બધું જ કરી છૂટે છે. આપણે તેમની તંદુરસ્તીની ચિંતા કરીએ છીએ, તેમના ખાવા-પીવાની, હરવા ફરવાની મતલબકે તેમની બધીજ બાબતોની ચિંતા કરીએ છીએ. પરંતુ તેમની તરબિયત કે કેળવણીની ચિંતા કરતા નથી. હાલાંકે તે માં-બાપની જીમ્મેદારી છે, બાળકો નો હક્ક છે.

જો આપણે તેમની ભૌતિક જરૂરીયાત પુરી કરીશું અને તેમને દીનની તાલીમ અને તરબિયત કરવામાં કચાસ અથવા બે દરકારી રાખીશું તો ઔલાદ નેક અને દીનદાર કેવી રીતે બનશે ?

આપણે ધંધા રોજગારમાં એટલા બધા ખૂંપી ગયા છીએ કે બાળકોની તરબિયત અને કેળવણી કરવાનો ટાઈમ જ નથી મળતો.

વિચિત્રતા તો જુઓ ! કે માણસ વધારેમાં વધારે ઔલાદ માટેજ કમાય છે. પરંતુ વધું પડતી કમાણીજ તેમને ઔલાદથી દુર કરી દે છે. આવી કમાણી શા કામની. ?

## (૪) યાદ રાખો :-

યાદ રાખો ! કે કોઈ સમાજમાં પરિવર્તન લાવવું હોય તો તેનો સમય પણ બાળપણ જ છે. તે સમયે બાળકોમાં જે બીજ પડી જાય છે પછી તેમાં પરિવર્તન લાવવું મુશ્કેલ છે. અને તેની બધી જવાબદારી બાળકોના માતા-પિતાની છે.

(૫) ઈસ્લામી રીતભાતની કેળવણી :-

શિક્ષણ કોઈ પણ ભાષામાં લઈએ. પણ ઈસ્લામી રીત ભાતથી કેળવણી નાથાય તો પરિણામ શુન્ય હોય છે. તેથી હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાની ઉમ્મત માટે એક શિક્ષક જ નહી બલ્કે મુઝક્કી (આત્માંની સફાઈ કરનાર) પણ હતા. આત્મા ની સફાઈની હકીકત શું છે ? આ ખુબજ લાંબો વિષય છે. માટે કેળવણી કરવામાં નબવી સંસ્કારો સિંચવામાં ન આવે તો અખ્લાક,અથાગ પરિશ્રમ, મોજ શોખથી નફરત, ગરીબો પ્રત્યેની લાગણી, સ્વ ખર્ચ નિયમન, પરસ્પર હમદર્દી, સ્વમાની જીવન વિગેરે બાબતો પર અમલ કરી જીવન આદર્શ અને વિવેક પૂર્ણ બની શકતું નથી.

## તરબિયતના સોનેરી સિધ્ધાંતો :-

(૧) સંતાનો માટે દુઆ કરવી :-

દરેક ઈન્સાન કામ્યાબી માટે જે ઊપાયો અપનાવે છે.એ સમગ્ર ઊપાયોમાં સર્વ શ્રેષ્ઠ ઊપાય દુઆ છે. માટે પોતાના સંતાનો માટે દુઆ કરો કે યા અલ્લાહ ! મારા સંતાનોને નેક બનાવી દે. નમાઝ પછી, તહજ્જુદ પછી, દુઆ કરો કુર્આનની તિલાવત પછી દુઆ કરો દુઆ કયારેય વ્યર્થ જતી નથી. અમે જોયું છે. મા-ની દુઆ છેવટે રંગ લાવે છે. મોટા મોટા ફાસિક ગુનેહગારો મા-બાપની દુઆઓની બરકતથી નેક અને પરહેઝગાર બની જાય છે. ઘણી ખુશ કિસ્મત મા-ઓ એવી પણ હોય છે. જે તહજ્જુદના સમયે ઉઠીને અલ્લાહના દરબારમાં દામન ફેલાવી પોતાના સંતાનો માટે દુઆઓ કરે છે.

(૨) દુઆમાં શું માગશો ? :-

એક દુઆ તો આ માંગો કે અલ્લાહ તેમના દિલને નેકી પર જમાવી દે.

બીજી દુઆ આ માંગો કે યા અલ્લાહ ! બાળકોના ઊછેર તથા તરબિયત વિષે સમયસર જે વાત ફાયદા મંદ હોય તે મારા મનમાં નાખી દેજે, જેથી યોગ્ય નિર્ણય કરી શકું.

મા-બાપને કેટલીકવાર નિર્ણય લેવામાં મુશ્કેલી થાય છે. કારણ કે દરેક બાળકનો સ્વભાવ, પ્રકૃતિ જુદી જુદી હોય છે. કેટલાક તો સ્વભાવે તિખા હોય છે. કેટલાક બુધ્ધિના મંદ હોય છે.માટે જ બંન્નેવની તરબિયત કરવાની ઢબ અલગ અલગ હોય છે. પુત્ર અને પુત્રીના મિજાઝમાં ફર્ક હોય છે. માટે કયા પ્રસંગે શું કરવું ? તેનો ફૈસ્લો અલ્લાહ તઆલા જ દિલમાં નાખશે. આપણી અકકલ, હોશ્યારી કામમાં આવતી નથી. મા-બાપની દુઆઓ જ સંતાનો માટે કિંમતી ખઝાનો છે.

**(૩) બાળકોને નમ્રતા અને હુંફ આપો :-**

બાળકો સાથે નમ્રતા અને મહેરબાનીનો વ્યવહાર કરવો જોઈએ ઘણી માતાઓ ગુસ્સાવાળી હોય છે. નાનકડી વાતમાં બાળકોને દમદાટી આપે છે. દરેક વખતે ધમકાવ્યા કરે છે. અંતે બાળક કંટાળી ના ફરમાન બની જાય છે.

નાનું બાળક કાચા દિલનું હોય છે. તેનું દિલ પ્રેમને જલ્દી કબુલ કરે છે. અગર બાળક ઊંધા કામની જહાલતની વાત કરે તો માતાએ હિમ્મત અને સંયમથી તેની સાથે વાત-વર્તન કરવું પડશે. નમ્રતા અને હુંફ કેળવણીનો અગત્યનો સિધ્ધાંત છે.

**(૪) યોગ્ય સમયે વાત કરવી :-**

સમયસરની અનુકુળ વાત સોનાની લગડી જેવી હોય છે. ખરા સમયે વાતની અસર વધારે થાય છે.જો ક-સમયે બાળકો સાથે વાત કરશો તો તે નહી સાંભળે.

**(૫) બાળકોની સમયસરની અનુકુળ વાતો સાંભળો !**

સંતાનો જ્યારે મા-બાપ સાથે મુસાફરી કરતા હોય તો રસ્તામાં ગાડીમાં તેઓ ઘણા સવાલ કરતા હોય છે. અને તે સમય વાત સ્વીકારવાનો તેમનો મૂડ હોય છે. માટે આ શ્રેષ્ઠ તકનો લાભ ઊઠાવીલો. આવા સમયે બાળકો એક એક વાત પુછતા હોય છે. અમ્મી આ શું છે ? અબ્બા આ શું છે.? તે સમયે બાળકોને શિખવાનો મૂડ હોય છે. અને તે સમયે યોગ્ય જવાબો બાળકોનું કુમળું મગજ સ્વીકારે છે.

બાળકોને સમજાવો કે બેટા ! આપણા પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું ફરમાન છે. અય છોકરા ! તું અલ્લાહના આદેશોની રક્ષા કર. અલ્લાહ તઆલા તારી રક્ષા કરશે. અને તું અલ્લાહનું ધ્યાન કર. તું અલ્લાહને પોતાની સામે દરેક સમયે મદદગાર પામીશ.

આ મુબારક ફરમાન  આપણા પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.) ને સફરમાં ફરમાવી હતી જે ઈબ્ને અબ્બાસ (રદી.) ના દિલ માં ઊતરી ગઈ.

રાત્રે સુવાના સમયે પણ બાળકો પોતાની મા-સાથે વાતો કરવા ઈચ્છે છે. તો કેટલીક માતાઓ મરઘી - ગરોળીની વાતો સંભળાવે છે. અથવા તો ટી.વી. જોવામાં સમય બરબાદ થાય છે. અગર તેમને તે સમયે દીની માલુમાતની જરૂરી બાબતો . તેમજ નબીયો, વલીયોના, મુબારક કિસ્સા સંભળાવવાથી બાળકોનું દીની ઝહેન બને છે.

મતલબ કે ઘણાં પ્રસંગો એવા ઊભા થાય છે. તે સમયે જો તેમને લગતી વાતો બતાવે તો બાળકોમાં  સદ્બુધ્ધિ-અને દીની કેળવણીનો મજબુત પાયો નંખાય છે.

## (૬) માનસિક સ્તર પ્રમાણે વાત કરો :-

બાળકોનું મગજ નાનું હોય છે. માટે તેમને સરળ અને સહેલી વાત કરવી પડે, સામાન્ય રીતે માતાઓ એક વાત કહી દે અને જો બાળક ના સમજે  તો દાટી આપે છે. આ રીતે કામ નહી ચાલે તેમના માનસિક સ્તર પ્રમાણે વાત કરો.

આપણા પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)પણ બાળકો સાથે તેમની જ ભાષામાં સરળ અને સુંદર વાતચીત ફરમાવતા હતા.

મા-બાપે બાળકો સાથે સ્પષ્ટ અને સરળ વાત ચીત સાથે નસીહતની વાતો પણ કરવી જોઈએ.

## (૭) નેક કામમાં સહકાર આપોઃ-

નેક કામમાં બાળકોની મદદ કરવી જોઈએ, એટલે કે નેકીનું સમાન પ્રદાન કરવું જોઈએ. કેટલાક મા-બાપ પોતે નમાઝ પઢતા નથી અને બાળકોને ધમકાવે છે કે કેમ નમાઝ નથી પઢી ?

આપ બાળકોને તો નમાઝ પઢવાનું કહો છો. તમે પોતે પણ બાળક સામે નમાઝ પઢશો તો બાળક આપો-આપ આપની સાથે નમાઝ પઢવાની શરૂ કરી દેશે.

## (૮) બાળકો વચ્ચે સમાનતા જાળવોઃ-

બાળકો વચ્ચે સમાનતા જાળવવા પુરેપુરો પ્રયત્ન કરવો. ઘણીવાર મા-બાપ એકને વધુ મહત્વ આપે છે. તેનાથી બીજા બાળકોને ઈર્ષા થાય છે.

આલિમોએ કિતાબમાં લખ્યું કે વિના કારણે બાળકોમાં ભેદભાવ કરવો હરામ છે. બધા જ બાળકો સરખા છે.

કેટલાક ઘરોમાં છોકરાઓને છોકરીઓ કરતાં વધુ મહત્વ આપવામાં આવે છે. અને છોકરાઓને એ રીતે જુએ છે જાણે સમયનો રાજકુમાર છે. આ વર્તન ખોટું છે. છોકરો અને છોકરી બન્નેવ આપણા સંતાન છે. માટે મા-બાપનો પ્રેમ તથા વ્યવહાર બન્નેવ માટે સમાન હોવો જોઈએ.

## (૯) મસ્નુન દુઆઓ મૌકા પ્રમાણે પઢતા રહો.

વિવિધ મૌકાઓ પર હદીસમાં જે નાની-નાની દુઆઓ આવી છે તેને યાદ કરવામાં આવે. દા.ત. સુતાં પહેલાંની દુઆ, સવારે ઉઠતી વખતની દુઆ, ખાવા પહેલા અને ખાવા પછીની દુઆ, દૂધ પીવાની દુઆ, છીંક આવે તો પઢવાની દુઆ, અઝાન પછીની દુઆ આ બધી દુઆઓ યાદ કરી મૌકાસર પઢતા રહેવું જેથી દીલમાં સુન્નતે રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું નૂર પૈદા થાય.

એવી રીતે. બાળકોને પાકી નાપાકીના મસાઈલ તેમજ નમાઝ રોઝાના મસાઈલ શિખવાડવા જોઈએ. જો છોકરાઓ સબંધી મસાઈલ હોયતો વાલિદ સાહબે બતાવવા જોઈએ. છોકરી હોયતો તે મસાઈલ વાલિદાએ બતાવવા જોઈએ.

### (૧૦) સુન્નતની પાબંદી કરવી :-

બાળકોને સુન્નતે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ફાયદા સમજાવી તેમના દિલમાં સુન્નતની પયરવી કરવાનો શોખ જન્માવો.પહેલા આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મોહબ્બત દિલમાં પૈદા કરો કે દરેક કાર્ય માં આપણા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની આ સુન્નત છે. આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક કામ આ રીતે કરતા હતા. તો બાળક પણ તે સુન્નત પર શોખથી અમલ કરશે.

### (૧૧) બાળકો માટે યોગ્ય રમતો :-

તેમને રમત ગમત પસંદ હોય છે. હદીસમાં છે. બાળક બાળક છે. ભલે તે કોઈ નબીનો બાળક કેમ ન હોય ?

તેમને એવાં રમકડાં લાવી આપો કે તેનાથી ગમ્મત સાથે જ્ઞાન પણ મળે. આજકાલ નવી શિક્ષણ પધ્ધતિ શોધાઈ છે. તેને એનજોયમેન્ટ કહેવાય છે. એનો અર્થ છે કે બાળક રમે અને સાથે વિદ્યાપણ પ્રાપ્ત કરે. આ પ્રકારના રમકડાં બાળકને લાવી આપવા જોઈએ.

બાળક કહે કે મને મ્યુઝિક સાંભળવા માટે ફલાણી વસ્તું લાવી આપો. તો એવી વસ્તુ લાવી ન આપો. ઘણી માતાઓ બાળકને ટી.વી. પર કાર્ટૂન વિગેરે ચાલુ કરીને આપે છે. આ રીતે આગળ જતાં બાળકોને ટી.વી. જોવાની આદત પડી જાય છે.

નાનું કોમ્પ્યુટર લાવી તેમાં રમત ગતમની ગેમ્સ રમવાની તક આપો. પરંતુ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટનું કનેકશન આપવું નહીં. જો આવું કરવામાં આવે તો બાળકોને રમવા માટે એકતક મળી જાય અને તેઓ પરેશાન થતા નથી કે અમારા માટે મા-બાપ કશું કરતાજ નથી.

**(૧૨) દરેક સમયે રોકટોકથી બચવું :-**

દરેક બાબતમાં બાળકનું અપમાન કરવું તેના મિજાઝને બગાડે છે. યાદ રાખો ! બાળકને વિવેચનની જરૂર હોતી નથી. પરંતુ પ્રેમ અને હુંફ સાથે વર્તન કરનાર સુધારકની જરૂર છે. જે પ્રેમથી વાત સમજાવી સુધાર કરે.

વારંવાર તેમનું અપમાન કરવાથી તેઓ જીદ્દી અને હઠીલા બની જાય છે. તેમની ભુલોને ધમકાવીને સમજાવવાના બદલે સકારાત્મક શૈલી અપનાવી વાત કરો - તો બાળક જલ્દી સમજી જશે. અને ઈન્શાઅલ્લાહ તે આપની આંખોની ઠંડક બનશે.

**(૧૩) માનસિક કેળવણી :-**

ચિંતન અને વિચાર ધારાની દ્રષ્ટિએ બાળક એકસારો માણસ બની જાય તેને માનસિક કેળવણી કહે છે. બાળ માનસ કોરા કાગળ જેવું હોય છે. મા-બાપ તેની સાથે જેવું વર્તન કરે છે તેની જ છાપ તેના મગજ પર ઊપસતી રહે છે. અત્યંત નાનું બાળક બોલતું નથી ચાલતું નથી જો આપ તેને મલકાઈને બોલાવશો તો તે સમજે છે કે મને કોઈ પ્રેમથી બોલાવી રહ્યા છે. અને જો ગુસ્સાથી બોલવશો તો તે રડવા લાગશે. અલ્લાહ તઆલાએ તેને એટલી સમજ આપી છે. માટે બાળકને સારી શૈલીથી બોલાવો.

એવું જરૂરી નથી કે વંશમાં દીકરો હોય તેને જ દીકરો કહી શકાય. વાસ્તવમાં દરેક બાળકને દીકરો કહી શકાય. જેમકે એમ બોલાવીયે કે દીકરા અહીં આવો. તમો આવું કરો. તો આ શબ્દો એવા છે કે તેનાથી બાળકોનું ધ્યાન આકર્ષિત થાય છે. અને વાત સાંભળવા માટે તૈયાર થઈ જાય છે.

**(૧૪) બાળકોનું દિલ જીતવું :-**

બાળકો સાથે સારો વર્તાવ કરી તેમનું દિલ ખુશ કરો. જ્યારે બાળક મદ્રસાથી કે શાળાએથી આવે તો મા-પોતાના કામમાં વ્યસ્ત હોય તો

પણ એકાદ મિનીટ કાઢીને બાળકનું સ્વાગત કરે. તેને મુબારક બાદી આપે. પ્રેમથી બોલાવો તેના પર પ્રેમની નજર નાખે. આવી લાગણીઓ તેના વ્યક્તિત્વમાં સુંદરતા જન્માવે છે.

ઘણા પરિવારોમાં બાળકો ચુપચાપ રહે છે. ઊદાસ દેખાય છે બીજાને જોઈ ડરી જાય છે. વાત નથી કરતા. આ બધી નિશાનીયો જણાવે છે કે તે બાળકનો યોગ્ય ઊછેર થયો નથી.

બાળક સાથે પ્રેમથી વ્યવહાર કરવો એ અલ્લાહ તઆલાની નજદીક ઈબાદત છે. આપણે તો ફક્ત મુસલ્લા પર બેસવાને જ ઈબાદત સમજીએ છીએ! શરીઅતનું ફરમાન છે કે નાના બાળકો સાથે બેસવું તેમને પ્રેમ હુંફ આપવી આ બધું પણ ઈબાદત છે.

## (૧૫) બાળકની પ્રશંસા કરવી :-

દુનિયામાં કોઈ માણસ એવો નથી જેમાં બધીજ બુરાઈઓ હોય અને તેમાં કોઈ સારા ગુણ ન હોય. માટે બાળકની સારી વાત પર તેની પ્રશંસા કરો. મા-બાપના કહેવા મુજબ કોઈ કામ કરે તો પ્રશંસા કરો કોઈ સારૂં કામ કરે  તો પ્રશંસા કરો, આ પ્રશંસા તે બાળકને વધું આજ્ઞાકારી બનવા ઊત્સાહ વધારે છે.

## (૧૬) બાળકનો ઊત્સાહ વધારવો :-

સારા કામ પર બાળકને ઈનામ આપવું. માણસની ફિતરત એવી છે કે જ્યારે તે કોઈ સારૂં કામ કરે છે તો તેને પોતાના સારા કામની પ્રશંસા થાય તેવી ઈચ્છા હોય છે. પત્નિ કોઈ સારૂં કામ કરે તો આશા હોય છે કે પતિ મારી પ્રશંસા કરશે. તેઓને ફરિયાદ રહે છે કે હું આટલા સારા ભોજન બનાવું છું તોયે પતિના મોંઢેથી તો એક શબ્દ પણ પ્રશંસાનો નિકળતો નથી. મેં સારા વસ્ત્રો પહેર્યા તો પતિએ આંખ ઊઠાવીને જોયું પણ નહીં. તો જુઓ પુખ્ત વયના સ્ત્રી પુરૂષો પણ પ્રશંસાની આશા ધરાવે છે તો બાળકોતો તેમનાથી પણ વધું આશા રાખતા હોય છે. પતિ પત્નિનો ઊત્સાહ વધારે તો પત્નિના દિલમાં પ્રેમ વધે છે. એવીજ રીતે જો મા-બાપ બાળકોનો ઊત્સાહ વધારશે તો બાળકોના દિલમાં પણ મા-બાપનું માન વધી જશે.

માટે બાળક જો નમાઝ પઢીલે તો તેને ખાવા માટે કંઈક આપી દો. બિસ્કિટ આપો, ચોકલેટ આપો, આઈસક્રીમ આપો, આમ કરવાથી બાળક પાબંદી સાથે નમાઝ પઢવા લાગી જશે. સાચું બોલે તો કંઈક ઈનામ આપો પ્રશંસા કરો.

અલ્લામા શામી (રહ) ફરમાવે છે, કે મારા પિતાજી જ્યારે પણ મારાથી ખુશ થતા તો મારા વિદ્યાના શૌખને જોઈને મને વાંચવા માટે પુસ્તકો લાવીને આપતા. જ્યારે હું મોટો થયો તો મારી પાસે એકમોટી લાયબ્રેરી હતી. અને તે પુસ્તકોની બરકતથી અલ્લાહ તઆલાએ મને ફકીહે શહેર (શહેરનો મોટો જાણકાર) બનાવી દીધો. માટે બાળકોનો ઉત્સાહ વધારવો ખુબ મહત્વનું છે.

બાળકોની યાદ શકિત ઓછી હોય, તે જલ્દી વાતને ભુલી જાય છે. મા-બાપ એવી આશા રાખે છે કે બસ ! એકવાર વાત કહી દીધી તો બાળકે યાદ રાખવી જોઈએ. જો બાળક ભુલી જાયતો તેને વારંવાર યાદ અપાવવું જોઈએ. બાળકની મેમરી શોર્ટ હોવી એ પણ અલ્લાહની એક નેઅમત છે. હમણાં મા-એ ધુતકાર્યો રડવા લાગ્યો પછી થોડીવારમાં મા-બોલાવે તો તે માને છાતીએ વળગી જાય છે. જો મેમરી શોર્ટ ન હોય તો પછી બોલાવવાથી રાજી થાત નહિ, જુઓ ! અલ્લાહે કેવી શોર્ટ મેમરીનો લાભ આપ્યો છે.

બાળકની કેળવણીમાં આ બિંદુ યાદ રાખો, અને તેમને વારંવાર યાદ દેવડાવો. ધીરજથી સમજાવો, તેની વાત સમજી મુશ્કેલી દૂર કરો. શરીઅતે કહ્યું છે કે બાળક નિર્દોષ અને ભોળો હોય છે. માટે પુખ્તવયના થતાં પહેલાં તેના આ'માલ-નામએ આ'માલ-માં લખવામાં આવતા નથી. તો આપણે પણ તેમની સાથે એજ રીતે વર્તન કરીએ જે રીતે શરીઅતે આપણને શિખવ્યું છે.

**(૧૭) ધીરેધીરે કામ સોંપવું :-**

તબક્કાવાર પગલાં ઉઠાવો. તેને ફજરની નમાઝ પઢાવવી હોયતો પહેલી જ વાર નમાઝ માટે ન કહો - પહેલાં તેને ઉઠવાની ટેવ પાડો. પછી તેના માટે નમાઝ પઢવી સરળ બની જશે.

આ વાત યાદ રાખો ! આપ જે કામ તેમનાથી લેવા ઈચ્છો છો તેના તબક્કા બનાવી લો. અને એક એક ડગલું બાળકને જણાવતા જાઓ. તે ડગલા ભરતો જશે અને તે કામ તેના માટે કરવું સરળ બની જશે.

**(૧૮) લોભ અને ભય બન્નેથી કામ લો :-**

બાળકને લાલચ અને ભય બંન્ને પ્રકારની વાત કરવી જોઈએ. લાલચ એટલે કે જો આ કામ કરશો તો આ મળશે અને ભય એટલે જો આમ નહી કરો તો સજા મળશે.

જુઓ ! અલ્લાહ તઆલાએ પણ કુર્આન મજીદમાં આ વિગતો દર્શાવી છે કે નેકી કરશો તો જન્નતનું ઈનામ મળશે અને જો અમારા હુકમોનું પાલન નહી કરો તો સઝા મળશે. માણસ કયારેક લોભથી પ્રભાવિત થાય છે તો કયારેક ભયથી પ્રભાવિત થાય છે.

એક તરફી પ્રેમ આપશો અને ઔલાદ પરસ્તીમાં સપડાશો તો બાળક બગડી જશે. માટે આ બંન્નેવ વસ્તુઓ ધ્યાનમાં રાખો જેવો સમય. જેવું વાતાવરણ, જેવો અવસર હોય મા-તે પ્રમાણે બાળકને વાત સમજાવે તો આ લાલચ અને ભય બાળક માટે અમલનો માર્ગ સરળ બનાવી દે છે.

**(૧૯) આવો આપણે નિર્ણય લઈએ :-**

હવેથી ઈન્શાઅલ્લાહ ! ઈબાદતોની અદાયગી સહિત પોતાના વ્યવહારને પણ સ્વચ્છ રાખીશું લોકોને જેટલો બને તેટલો ફાયદો પહોંચાડીશું અને કિતાબમાં વર્ણન કરેલી ખુબીઓ પોતાની અંદર પૈદા કરીશું, બુરાઈઓ થી તૌબા કરી અલ્લાહને રાજી કરીશું, અલ્લાહ પાક આપણા બધાને નેક લોકોમાં શામિલ કરીદે તથા બુરાઈઓ અને બુરા લોકોથી આપણી હિફાઝત ફરમાવે. (આમીન)

**(૨૦) આત્મવિશ્વાસ જન્માવો :-**

આત્મવિશ્વાસ ખુબ જ અનિવાર્ય છે. જે બાળકમાં આત્મવિશ્વાસ નહી હોય તે બાળકમાં નેતાગીરી જન્મી શકે નહીં અને તે કયારેય એક સારો સંપૂર્ણ માણસ બનીને જીવન પસાર કરી શકે નહીં.

નાના બાળકોને નાના કામો એ પ્રકારના કહો કે જે કરી શકે, તે જ્યારે કરેતો તેની પ્રશંસા કરો. બાળકને જીતવાની ટેવમાં રાખો લક્ષ્ય સિધ્ધ કરવાની સમજ પૈદા કરો. બાળકને જીતવાની પોઝીશનમાં લાવવું તેમાં વિશ્વાસ પૈદા કરીદે છે. નાના કામો કરવાની બાળકને ટેવપાડો, અને તેના કર્યા પછી તેને લાગણી થાય કે મેં સફળતા પ્રાપ્ત કરી, કંઈક હાસિલ કર્યું.

**(૨૧) સ્કુલ મદ્રસાના મિત્રો :-**

બાળકો પોતાના મા-બાપથી જેટલું શીખે છે તેનાથી વધું પોતાના સમાન વયના બાળકોથી શીખે છે. બાળક બીજા બાળક તરફ આકર્ષાય છે આ એક ગ્રુપ છે. જે એકબીજાને પોતાની તરફ આકર્ષે છે, માટે પોતાના બાળકોનો મેળ મિળાપ સારા બાળકો સાથે રાખો, જે કેળવણી પ્રાપ્ત કરેલા હોય, બગડેલા બાળક સાથે રહેશે તો ઘણું વહેલું બગડી જશે.

મા-બાપે ધ્યાન રાખવું જોઈએ કે અમારા બાળકો કયા બાળકો સાથે રમે છે ? કોની સાથે વાતો કરે છે. કોની સાથે બેસે છે. આપણા ઘરમાં ટી.વી. ન હોવાથી બાળક તેનાથી બચી જાય છે. પરંતુ જ્યારે બીજા બાળકોથી તે મળે છે. તો તે બાળકો તેને ટી.વી. ના કાર્યક્રમોની વાત સંભળાવે છે. તે સાંભળી બાળકના મનમાં ઝંખના જન્મે છે. એને એવું લાગે છે કે મને તો વંચિત કરવામાં આવ્યો છે. મારા ઘરમાં ટી.વી. નથી. તો આપ તુરંત એર્ટન કરો અને પુછો તેની સાથે શું વાત થઈ? જોતે સારીવાત કરે તો તેને ટેકો આપો, અને ખરાબ વાત વિષે તેને જણાવી દો કે આ વાતો ખોટી છે. આમ કરવાથી બાળકના મનમાં સારી વાતો બેસી જશે અને ખરાબવાતો તેના માનસથી દૂર થઈ જશે.

સ્કુલ મદ્રસામાં સારા તેજસ્વી, વિવેકવાળા-મહેનતું બાળકોને મિત્ર બનાવો. સ્ટોરિયો સંભળાવનારા અને શરારત કરનાર બાળકોથી તેમને દૂર રાખો. તેઓ ભણવામાં નાપાસ થનારા અથવા થર્ડકલાસમાં પાસ થનારા હોય છે.

તેઓ મોટા થયા પછી મેહનત મજુરીના કામો કરી હતાશા ભર્યું મોહતાજીનું જીવન વિતાવે છે. જ્યારે સારા, મહેનતુ, અને બુધ્ધિશાળી બાળકો ભણવામાં ખુબ મેહનત કરી કોઈ આલિમ, મુફતી તો કોઈ સેનાનો જનરલ, તો કોઈ કમિશનર બને છે. અને તેઓ મા-બાપનું, સમાજનું અને દેશનું ગૌરવ વધારે છે અને સુખ શાંતિ અને ઈઝઝતથી જીવન પસાર કરે છે.

## (૨૨) આપણું ધ્યાન ખામીઓ તરફ ગયું નથી :-

આપણે અનુસરણ માત્ર ખામીઓનું કર્યું અને તેનું નામ પ્રગતિ આપી દીધુ, નહીતર આધુનિક કળા, આધુનિક ટેકનોલોજી અને આધુનિક વિજ્ઞાનના જે ફાયદા છે. તે તો દુરની વાત રહી, હજું તો આપણને બિસ્કીટ અને બેકરીની આઈટમો બનાવતા નથી આવડતી અને દુઃખની વાત એછે કે આપણું ધ્યાન એ ખામીઓ તરફ ગયું પણ નથી. આપણા સામુહિક પ્રયત્નો માત્ર અંગત લાભ માટેજ હોય છે. ભલે ને પછી કોમી એકતા નષ્ટ થઈ જાય. શું આનું નામ પ્રગતિ રખાય ? આંધળા અનુસરણની પ્રશંસા કરવી એ નરી મુર્ખતા છે.

## (૨૩) બાળકોને અદબ (મર્યાદા) શિખવાડવું :-

મા-બાપ સાથે, ઉસ્તાદો સાથે, શિક્ષકો સાથે, મોટેરાઓ સાથે, આલિમો સાથે, વડીલો,બુઝર્ગો સાથે, કેવો વ્યવહાર કરવો જોઈએ. તે સમજાવો "બાઅદબ બાનસીબ - બેઅદબ બેનસીબ" એટલે કે અદબવાળી વ્યક્તિ નસીબદાર અને બેઅદબ મેહરૂમ હોય છે.

અદબથી કેળવાયેલા. બાળકો પોતાના ભાઈ બહેનો સાથે પડોશીઓ સાથે, પોતાના કલાસ ટીચર અને સાથીદારો સાથે સદવર્તન અને અખ્લાકી વર્તનથી પોતાની માન મર્યાદાનો મોભો બનાવી લે છે.

પોતાને ત્યાં પધારેલા મહેમાનોની ખિદમત કરી વિવેકભર્યું વર્તન અને સુંદરવાતોથી તેમનું મન મોહીલે છે. પછી તેની ઈઝ્ઝતની સુવાસ દૂરદૂર સુધી પહોચે છે. અને તેનું ભવિષ્ય રોશન બને છે.

### (૨૪) ઈમાનની કેળવણી :-

સંતાનોની ઈમાની તરબિયત મુશ્કીલ કામ છે. આ કામ મા-બાપ કરી શકે છે. મા-બાળકને બાળપણમાંજ સૌથી પહેલાં અલ્લાહનું નામ શિખવાડે "હદીસ શરીફમાં આવે છે. જે મા-પોતાના બાળકોને સૌ પ્રથમ અલ્લાહનું નામ શિખવાડે તો અલ્લાહ તઆલા મા-બાપના પાછલા ગુનાહ માફ કરી દે છે."

બાળક જરા મોટા થાય તો કલ્મો શિખવાડો, પછી બાળકના દિલમાં એવો એહસાસ પૈદા કરવામાં આવે કે આપણે અલ્લાહના બંદા છીએ આપણને તથા સર્વ જગતને અલ્લાહ પૈદા કરનાર છે. તે દરેક જગાએ હાજીર નાજીર છે. તેને સર્વ માનવોના અમલની ખબર છે. કોણ શું કરે છે ? તે દરેક સમયે આપણા કામો અને હરકતોને જુએ છે. કોઈ વાત કોઈ કામ તેની જાણ બહાર નથી. જ્યારે બાળકના મનમાં આવું યકીન પૈદા થઈ જશે તો બાળક ખોટું કામ નહી કરે. આને કહે છે "ઈમાની તરબિયત"

ખુશનસીબ મા-બાપ કે જેમના દિલમાં અલ્લાહનો ડર હોય અલ્લાહ તઆલાથી મોહબ્બત હોય તો તેઓ પોતાના બાળકોમાં પણ અલ્લાહનો તઅલ્લુક પૈદા કરે છે. જેથી બાળકો નાનપણથીજ ગુનાહોથી નફરત કરે છે. અને નેકીના કામો કરવાના પ્રયત્નો કરે છે.

બાળકના દિલમાં હલાલ-હરામની વાતો સ્પષ્ટ રીતે પૈદા કરવી. જેથી બાળક હરામ કામોના ગુનાહોથી એવો ડરે જે રીતે સાપ અને વીંછી થી ડરે છે. તેમને ગુનાહોથી ડરાવો કે દીકરા ! ગુનાહ કરવાથી અઝાબનો કરંટ લાગશે, રૂહાની તાકત મૃત્યુ પામશે.

જો આમ નેક બનાવવાનો પ્રયત્ન કરવામાં નહી આવે તો મોટા થઈને તેઓ નફસ અને શયતાનના તાબેદાર બની જશે. પછી તેઓને સીધી રાહ પર લાવવા મુશ્કીલ બનશે. માટે તેમની કેળવણીનું કાર્ય આજથી શરૂ કરો. જેથી તેમના દિલમાં આ ખુબીયો આવી જાય.

**(૨૫) નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મોહબ્બત પૈદા કરવી :-**

બાળકના દિલમાં નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મોહબ્બત ભરીદો તેમની સામે નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સીરત અને સુન્નતો એટલા પ્રેમ થી બયાન કરો કે તેમના દિલમાં આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મોહબ્બત પૈદા થઈ જાય. હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેઓ આપણા આકા છે. આપણા સરદાર છે. આપણા નબી છે. તેમનાથી મોહબ્બત કેમ ન કરીયે?

હઝરત અલી (ર.દી) થી રિવાયત છે કે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઈર્શાદ છે, કે પોતાના સંતાનોમાં ત્રણ ગુણ પૈદા કરો.
(૧) આપણા પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મોહબ્બત.
(૨) અહલેબયત (નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પરિવારજનો) ની મોહ્બ્બત
(૩) કુર્આન મજીદની તિલાવતનો શોખ પેદા કરો.

બધાજ સહાબા (રદી.) અવલિયાએ કિરામ અને ઉલમાએદીન આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના આશિક હતા. તેનીજ

**(૨૬) કુર્આન મજીદ સાથે લગાવ પૈદા કરવો :-**

બાળકના દિલમાં કુર્આન મજીદ સાથે રસ પૈદા કરો. બાળકના દિલમાં કુર્આન મજીદનો અદબ હોય. શિખવાનો શોખ હોય. પઢવાનો શોખ હોય આનું પરિણામ એ આવશે કે બંદો અલ્લાહના અહકામ જાણશે તેના પર અમલ કરશે અને યકીન સહી બનશે.

અલ્લામા શામી (ર.અ.) નાની ઊંમરમાં કુર્આન મજીદના હાફિઝ બની ગયા. તેઓ પોતાના વાલિદ સાથે દુકાન પર બેસતા હતાં. વધુ ઈલ્મ

હાસિલ કરવા માટે તેમણે કોઈની નસીહત સાંભળી વાલિદ સાહબને કહ્યું અબ્બા ! મારે દીન શીખવું છે. સઈદ હમ્વી સાહબ તે સમયના બુઝુર્ગ હતા. તેમની ખિદમતમાં પહોંચ્યા. અને એટલું જ્ઞાન પ્રાપ્ત કર્યુ કે અલ્લામા શામી ઈબ્ને આબિદીન બની ગયા, માટે બાળકોના દિલમાં કુર્આન મજીદનો શોખ જન્માવો. ઈ.અ. તેઓ મુત્તકી અને પરહેઝગાર બનશે.

**(૨૭) નમાઝની તાલીમ આપો :-**

બાળકોને નમાઝ શિખવાડો, શરીઅતનો હુકમ છે કે બાળકને સાત વર્ષની ઉંમરમાં નમાઝનો આદેશ આપો. દસ વર્ષનો થાય અને નમાઝમાં આળસ કરે તો હલ્કી સઝા આપો. ચહેરા પર ના મારો તથા સખત માર ના મારો.

બાળકને જમણા અને ડાબા હાથની ઓળખાણ થઈ જાય તો તે સમજું ગણાય. નાની ઉમરથી બાળકને પોતાની સાથે નમાઝ પઢવાની ટેવ પાડો, આમ કરવાથી બાળકોને નાનપણથી જ નમાઝ પઢવાની ટેવ પડી જાય છે. માટે પોતાના બાળકોને વુઝુ કરતાં શિખવો. નમાઝ શિખવો, નમાઝનો તરીકો બતાઓ આ કામ મા-નું છે.

મા-પોતેજ નમાઝની પાબંદી નહી કરે તો બાળકો કયાંથી પાબંદ બનશે ?

**(૨૮) બાળકોને રોઝા રાખવાની ટેવ પાડો :-**

નમાઝ પઢવાની સાથે બાળકને રોઝા રાખવાની ટેવ પાડવી જોઈએ. જ્યારે યોગ્ય ઉમર થાયતો રમઝાન ના થોડાક રોઝા રખાવવા જોઈએ. કેટલાય બાળકો એવા છે કે નાબાલિગ છે પરંતુ સમજદાર છે. તેઓ રોઝા રાખે છે.

જો બાળકોને નાનપણ થી જ રોઝા રાખવાની ટેવ પાડવામાં ના આવેતો મોટા થયા પછી તેમને ભુખ તરસ બરદાશ્ત કરવાની હિમ્મત થતી નથી. તેમજ કમઝોર થવાના બીકે રોઝા રાખવા અઘરા થઈ પડે છે.

ઘણાં મા-બાપ એવા પણ છે જેઓ પોતે રોઝા નથી રાખતા અને રમઝાન મહિનામાં પણ દિવસે ઘરોમાં ખાવા બનાવી ખાય છે. તો બાળકોમાં રોઝા રાખવાની ટેવ કયાંથી પૈદા થશે ? દરેક મુસ્લિમે રમઝાન માસમાં રોઝા રાખવા ફર્ઝ છે. મા-બાપના દિલમાં જ રોઝાનું મહત્વ નથી તો ઔલાદમાં કયાંથી હોય.?

## (૨૯) બાળકોના હાથે ઝકાત અપાવવી :-

બાળકો જ્યારે યુવાન ઉંમરે પહોંચે તો તેમને ઝકાત આપવાની ટ્રેનીંગ આપવી જોઈએ. ઝકાત કોના ઉપર અને કઈ કઈ વસ્તુંઓ પર ફર્ઝ છે. તે સમજાવવું જોઈએ.

ઔરતોના જે ઘરેણાં પહેરવા માટે છે. તેના ઉપર અને જે ઘરેણાં (સોના ચાંદીના) મુકી રાખેલા હોય તેની પણ ઝકાત અદા કરવી ફર્ઝ છે. પરંતું આજના સમયમાં ઘણી ઔરતોને ઘરેણાં બનાવવાની ચિંતા હોય છે પરંતુ તેની ઝકાત આપવાની ચિંતા હોતી નથી.

હવે આ બધી બાબતો એવી છે. જે બાળકોને શિખવવાથી તેમની દીની કેળવણી થઈ જશે, જેટલા ઈસ્લામના અરકાન છે જો તમે બાળકને શિખવાડી દીધા તો તમોએ બાળકોને દીન શિખવાડી દીધું.

## (૩૦)બાળકોને હજ્જ શિખવાડો :-

ઈસ્લામનો ચોથો ફર્ઝ હજ્જે બયતુલ્લાહ કરવાનો છે. બાળકોને હજ્જની આસાન વિગતો સમજાવો.

મક્કા શરીફમાં જીલ્હજ્જના ઈસ્લામી મહિનામાં હજ્જ કરવામાં આવે છે. હાજીઓ હજ્જના દિવસોમાં હજ્જના અરકાન અદા કરવા માટે મસ્જીદે હરામ મક્કા શરીફમાં જાય છે. ત્યાંથી મિના ના મયદાનમાં તંબુઓમાં રોકાઈ ઈબાદત કરે છે. ત્યાંથી અરફાતના મયદાનમાં રોકાણ કરી ઈબાદત દુઆ વિગેરે કરે છે. શયતાનને કાંકરીયો મારે છે. તે સ્થળને જમરા કહે છે.

ઘણા હાજીઓ હજ્જ અદા કરતાં પહેલાં અથવા હજ્જ અદા કર્યા પછી મદીના શરીફ જાય છે. ત્યાં નબીયે કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના રોઝા મુબારક પર હાજરી આપી સલાતો સલામ પઢે છે. તેમજ મસ્જીદે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માં નમાઝ અદા કરે છે. અને ત્યાંની મુબારક જગાઓની ઝિયારત કરે છે.

મક્કા શરીફની મસ્જીદને મસ્જીદે હરામ કહેવાય છે. તેમાં એક નમાઝ જમાઅત સાથે અદા કરવાનો સવાબ એક લાખ નમાઝ બરાબર છે.

મસ્જીદે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માં એક નમાઝ જમાઅત સાથે અદા કરવાનો સવાબ પચાસ હઝાર નમાઝ બરાબર છે.

હજ્જ અદા કરનારના અલ્લાહ તઆલા ગુનાહો માફ કરીદે છે. હજ્જ કરનાર મર્દને હાજી સાહેબ અને હજ્જ કરનાર ઔરતને હજીયાણી સાહેબા કહેવાય છે.

## (૩૧) ઈમાન પર કાયમ રહેવાનો પાઠ શીખવવો :-

બાળકોમાં દીનનો એવો પ્રેમ પેદા કરો કે જ્યારે સમય આવે તો બાળકો પણ દીન પર માલ કુરબાન કરી દે પરંતુ દીનથી પાછળ ન ખસે. આને કહેવાય દીન પર મક્કમતા. ઈમાનની મજબુતી. આ બધું બાળકોને શિખવાડવું પડે છે કે બાળકો ! તમો કયારેય દીન છોડશો નહીં.

નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ એક યુવાન સહાબી (રદી.)ને કહ્યું કે તમે તોહીદ પર મક્કમ રહેજો. ચાહે તમોને ફાંસીએ લટકાવી દેવામાં આવે. અથવા આગમાં નાખવામાં આવે તો પણ તૌહિદ થી પાછળ ખસશો નહી. પ્રાણ આપી દેવાય પરંતુ દીન આપણે કદાપિ ત્યજી શકીએ નહી. આ ઈમાનનો કમાલ છે.

બાળકોને દીન પર કાયમ રહેવા અને જાન-માલ કુરબાની આપવાની ભાવના પૈદા કરવા માટે તેમને સહાબા (રદી.)ના અને મહાન બુઝર્ગોના વાકિઆત (પ્રસંગો) સંભળાવવા પડે છે. મા-બાપે પોતે દીનપર અડગ રહીને દેખાડવું જોઈએ. તો બાળકો પણ દીન પર મક્કમં બની જાય છે.

## (૩૨) અખ્લાકી કેળવણી :-

માણસોને દુનિયામાં હળીમળીને રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. સારો માણસ એ છે જે અન્ય માણસો સાથે સારો વ્યવહાર કરે. સદવર્તન કરે, લોકો માટે રહમત બનીને રહે. કોઈને તકલીફ ન પહોંચાડે.

મા-બાપના રીત-રિવાજ અને અખ્લાકની છાપ ઔલાદ પર પડતી હોય છે. ઔલાદ હંમેશા પોતાના મા-બાપની નકલ કરે છે. જો મા-બાપના અખ્લાક સારા હોય તો બાળકોમાં આપો આપ સારા ગુણ પૈદા થાય છે. મા-બાપ સારી ટેવો જન્માવે સારા અખ્લાકવાળા બને તો બાળક પણ સારા અખ્લાકવાળો બનશે. સારા અખ્લાકવાળો બનાવવા માટે બાળકને નજીક કરવો પડે છે.

બાળકોને માતા-પિતાનો આદર, ઉલ્માએ કિરામનો આદર, શિક્ષકોનો આદર, ભાઈ બહેનનો આદર, પડોશીનો આદર, મહેમાનોનો આદર, અને માન આપવાનું શીખવો તો તે પ્રમાણે કરવા લાગશે.

આ બધી વસ્તુઓ મા-બાપે શિખવાડવી પડે છે. જો બાળકોને સારા સંસ્કારો શિખવશોતો બાળક સંસ્કારી બની જશે.

## (૩૩) બાળકોને સત્ય બોલવાની ટેવ પાડો :-

બાળકોને સાચું બોલવાની ટેવ પાડો જ્યાં સુધી સાચું બોલવાની ટેવ નહી પાડો તો સારો માણસ નહી બની શકે. તેને સાચા ખોટાનો તફાવત સમજાવો. જુઠથી અલ્લાહ નારાજ થાય છે. સાચું બોલવાથી અલ્લાહ તઆલા રાજી થાય છે.

સાચું બોલવા પર તેને ઈનામ આપો અને જુઠું બોલવા પર તેને સમજાવો. બાળક ભુલકરે અને સાચું બોલી ભુલનો ઈકરાર કરે તો તેને ક્ષમા (માફી) આપી દો. જેથી બાળકના મનમાં ભય ન રહે કે સાચું બોલીશ તો મને માર પડશે.

જે બાળક સાચું બોલતો હોય તેની સાથે વધારે પ્રેમ વ્યકત કરો. જેથી અન્ય બાળકને લાગે કે આ સાચું બોલે છે. માટે તેની સાથે અમ્મી વધારે પ્રેમ કરે છે.

## (૩૪) ચાડી ચુગલીથી બચાઓ :-

ઘણી વખત બાળકો અહીં ની વાતો ત્યાં કરી દે છે અને ત્યાંની વાત અહીં કહી દેતા હોય છે. આ ઘણી ખરાબ ટેવ છે દિલોમાં અંતર પૈદા કરે છે.

બાળકમાં એવો ગુણ પૈદા કરો કે જો કોઈ વાત સાંભળો તો ચુપ રહો. તે વાત બીજાઓ સમક્ષ કેહવાની શી જરૂર છે ?

ઘણીવાર સંતાનો મા-ની વાતો પિતાને અને પિતાની વાતો મા-ને કહે છે, ત્યારે બંન્નેવ વચ્ચે યુધ્ધ થાય છે અને ઘરનું ચેન-સુકુનનું વાતાવરણ ખરાબ થાય છે. માટે આ ખરાબ આદતથી બાળકોને અવશ્ય દૂર રાખો.

## (૩૫) બાળકનું સમય પત્રક સંપાદન કરો :-

બાળક સમજદાર થાય તો તેનું સુવાનું, જાગવાનું, પઢવાનું, વાંચવાનું, રમવાનું, સંપુર્ણ સમય પત્રક નક્કી હોવું જોઈએ. બાળકને ખબર હોવી જોઈએ કે આ સમયે મારે શું કરવાનું છે. બાળકને ક્રમ પ્રમાણે તેને કામે લગાડી દેશો.

કેટલીક મા-ઓ આ પ્રકારની વાતચીત બાળકોને શિખવાડતી નથી. અને બાળકો બીજા બાળકોની ક્રિયાઓ જોઈને શીખી લે છે. જેમાં ઘણી બાબતો અયોગ્ય પણ હોય છે.

કેળવણી તો મા-એજ કરવી જોઈએ. જેથી બાળકોમાં સમયસર દરેક કામ કરવાની સુઝ પૈદા થાય અને તેમાં કમાલ પૈદા થાય. આમ કરવાથી બાળકમાં સંસ્કાર આવી જશે, અને વ્યક્તિત્વમાં આકર્ષણ આવી જશે અને બાળક એક આકર્ષક વ્યક્તિ બની જશે.

જ્યારે બાળક ઘરની અંદર એક સારૂં બાળક બનીને રહેવાનું શરૂ કરે છે. જ્યારે બહારના લોકો સાથે તેનો સંપર્ક થાય છે તો ખરેખર તે એક સારો માણસ પુરવાર થાય છે.

### (૩૬) સલામ કરવાની ટેવ પાડો :-

બાળકને સલામ કરવાની ટેવ પાડવી જોઈએ જ્યારે પણ તે પોતાના વડીલને, દોસ્તને જુએ તો તુરત જ સલામ કરે, નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ફરમાન છે.

"તમો સલામને પરસ્પર રિવાજ આપો."

માટે બાળકો જ્યારે મદ્રસામાં તથા શાળાએ જવા લાગે તો સલામ કરીને જાય, પરત આવે તો આવતાની સાથેજ સલામકરે.

સુન્નત તરીકા મુજબ સલામના શબ્દો આ પ્રમાણે છે.

"અસ્સલામૂ અલયકુમ વરહ્‌મતુલ્લાહી વબરકાતુહ."

ફકત અસ્લસામૂ અલયકુમ કેહશે તો પણ સુન્નત અદા થઈ જશે.

### (૩૭) પોતાના કામની જવાબદારી શિખવો :-

બાળકને નાનપણથીજ એવું શિખવવું જોઈએ કે પોતાની વસ્તુંઓ જાતેજ સંભાળે. જેથી તેની વસ્તુંઓ વેરવિખેર ન થાય. ઘણાં બાળકો બેદરકાર હોય છે. તેમની વસ્તુઓ વેરવિખેર પડેલી હોય છે. ખોવાય જાય છે. પોતાના વસ્ત્રોની પણ દરકાર કરતા નથી.

મા-એ બાળકોને શિખવાડવું પડે છે. જુઓ આ તમારી વસ્તુઓ છે. એનું ધ્યાન તમારે જ રાખવાનું છે. પોતાના પુસ્તકો કપડાં વિગેરે યોગ્ય રીતે રાખો. આ સઘળી વ્યવસ્થા મા-પોતાના બાળકને શિખવે છે. માટે તેમને લગતા કામ બાળકના જીમ્મે કરવા જોઈએ.

નાનાં કામો બાળકોએજ કરવાના હોય છે. દાખલા તરીકે ઘરના સૌ સભ્યો દસ્તરખ્વાન પર જમી રહ્યા હોય અને પાણી લાવવાનું છે. તો તે કામ બાળકો જ કરે છે. માતાએ પોતાની પુત્રીને સમજાવવું જોઈએ કે દીકરી જો જમતી વખતે કારણસર એક ડઝન વખત પણ ઊભા થવું પડે તો તમારે કંઈ ખોટું લગાડવું નહીં, આ કાર્યને સેવા (ખિદમત) કેહવાય છે.

અને સેવાથી ખુદા મળે છે. બાળકના મગજમાં એ વાત બેસાડોકે ઈબાદતથી જન્નત મળે છે અને ખિદમતથી ખુદા મળે છે.

જો બાળકોને શરૂથી જીમ્મેદારી નું ભાન નહી કરાવો તો બાળકો નફ્ફટ બની જશે, પછી તેઓ કોઈ કામ નહી કરે.

ઘરની અંદરના કામો પુત્રી (દિકરી)ના જીમ્મે લગાડો. અને ઘરની બહારના નાના કામો પુત્રના જિમ્મે લગાડો. તેનાથી બાળકોના મનમાં જવાબદારીનો એહસાસ પેદા થાય છે.

જો બાળકને આ બધી વાતો શિખવવામાં નહી આવે તો કામચોર, આળસું બની જશે, અને પછી કામકરતાં ગભરાશે. અને તેનું વ્યક્તિત્વ અધુરૂં રહેશે.

## (૩૮) સારા મિત્રોની પસંદગી :-

બહારના લોકોમાં નેક લોકો સાથે બાળક મિત્રતા રાખે, અને ખરાબ લોકોથી બચે. સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. માણસના સ્વરૂપમાં પશુ જેવા માણસો પણ હોય છે. અને માણસના સ્વરૂપમાં શૈતાન પણ હોય છે. માટે બાળકોને ખરાબ માણસોની સોહબતથી બચાવી સારા માણસો સાથે સંબંધો રાખે. એની તકેદારી રાખવી જરૂરી છે.

**નબીચે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ફરમાન છે.**

**''બંદો તેના મિત્રના દીન પર હોય છે.''**

બાળક મિત્રોથી એટલું બધું શીખે છે કે આપણે તેની કલ્પના પણ કરી શકતા નથી.

શૈખુલ હદીષ હઝરત મૌલાના મુંહમદ ઝકરિયા સાહેબ (રહ.) ના વાલિદ મૌલાના યહયા સાહબ (રહ.) ફરમાવે છે કે જો વિદ્યાર્થી તેજસ્વી હોય પરંતુ મિત્રતા કરવાનો રોગ હોય તો તેની હોડી દરિયા વચ્ચે અવશ્ય ડૂબી જશે, અને જો મિત્રતાનો રોગ નહી હોય અને તે મંદ બુધ્ધિનો હશે તો ગમે ત્યારે તેની હોડી કિનારે લાગી જશે.

મુર્ખની મિત્રતા કરશો નહી, એટલા માટે કે મૂર્ખ તમને લાભ પહોંચાડવા ઈચ્છશે તો પણ તમને નુકશાન પહોંચશે કેમકે તે મુર્ખ છે. માટે તમો મુર્ખથી મિત્રતા કરશો નહી.

જુઠા માણસ સાથે મિત્રતા કરશો નહિ. તે દૂરને નજીક દેખાડશે અને નજીકને દૂર દેખાડશે. કેમકે તે જુઠો છે. તેનો વિશ્વાસ શું ?

કંજુસ સાથે મિત્રતા કરશો નહિ. કંજૂસ તમને એવા સમયે દગો કરશે, જ્યારે તમારે એની ખુબ જરૂર હશે.

દુરાચારી, વ્યભિચારી, પાપી થી મિત્રતા કરશો નહી. તે તમોને એક કોળીયાના બદલામાં વેચી નાંખશે, એટલે કે તમોને કોળીયાની આશાએ વેચી નાંખશે કેમકે તે ફાસિક અને ફાજિર છે.

સબંધો તોડનાર, સગપણ તોડનાર, નાની વાતોમાં ભાઈ બહેનથી સબંધો તોડનાર મા-બાપ સાથે વાત ન કરનાર. અને સૌથી નારાજ રેહનાર માણસ સાથે કદી મિત્રતા રાખશો નહી, કારણ કે આવા માણસથી અલ્લાહ તઆલા પણ નારાજ છે.

ખરાબ મિત્રોનું ઉદાહરણ ઝેરીલા સાપ જેવું છે. જે રીતે ઝેરીલો સાપ માણસને ડંખી લે છે તે માણસ મરી જાય છે. તેવીજ રીતે ખરાબ મિત્ર માણસને ડંખી લે તો તે માણસ રૂહાની મૌત મરી જાય છે.

એક મહાન બુઝુર્ગ હઝરત બાહુ સુલ્તાન (રહ.)પોતાના એક રૂહાની કલામમાં ખરાબ મિત્રોથી દૂર રહેવા બાબતે ફરમાવે છે કે :

"ખરાબ મિત્રથી આપણે મિત્રતા ન કરીએ,

અને આપણા વંશને કલંક ન લગાડીએ"

તેઓ ફરમાવે છે કે જે કૂવા કડવા હોય છે. મીઠા હોતા નથી. ભલે તમે એક લાખમણ ગોળ તેની અંદર નાખીદો, કારણ કે તે પાણી કડવું છે. જ્યારે પણ મીઠાશની અસર ખતમ થશે તો નીચેથી ફરી કડવું નીકળશે.

સાપનાં બચ્ચાં ક્યારેય મિત્ર થતા નથી, ચાહે તમે પોતાની હથેળીઓથી દૂધ કેમ ન પીવડાવ્યું હોય જ્યારે તે મોટો થશે તમને ડંખી લેશે.

કાગડાનું બચ્ચું ક્યારેય હંસ બની શકે નહી. ભલે તમો ખાવામાં તેને મોતી કેમ ખવડાવતા ન હોય ?

એટલા માટે કેટલાક એવા ખરાબ મિત્રો હોય છે. જે નિર્દયી અને ક્રૂર મિઝાજના હોય છે. તેમની મિત્રતાથી અવશ્ય બચવું જોઈએ. મા-બાપ આ બાબતે ખુબ ધ્યાન આપે. જેથી બાળક સમાજની એક સારી વ્યક્તિ બનીને જીવન પસાર કરી શકે.

## (૩૯) દીને ઈસ્લામનું ઈલ્મ પ્રાપ્ત કરાવો :-

ઈસ્લામ મઝહબમાં ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવાનું મહત્વ બયાન કરવામાં આવ્યું છે. નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું ફરમાન છે. "ઈલ્મ હાસિલ કરવું દરેક મુસલમાન પર ફર્ઝ અને આવશ્યક છે."

આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઈર્શાદ છે કે હું મુઅલ્લિમ (શિક્ષક) બનાવીને દુનિયામાં મોકલવામાં આવ્યો છું.

એક હદીસમાં છે કે તમે આલિમ(જ્ઞાની) બનો અથવા વિદ્યાર્થી બનો અને જો ન બની શકો તો જ્ઞાન પ્રાપ્ત કરનારાઓથી મોહબ્બત જરૂરથી કરો.

સુબ્હાનલ્લાહ ! ઈલ્મની મોહબ્બતની હદ તો જુઓ ! કે આલિમ બનો અથવા ઈલ્મ પ્રાપ્ત કરનાર બનો અને જો ન બની શકો તો તેમનાથી મોહબ્બત કરનાર બનો.

ઈસ્લામ ધર્મનો માનવો પર એહસાન છે કે તેણે સારૂં જ્ઞાન સામાન્ય લોકો સુધી પહોંચાડ્યું. માટે પોતાના બાળકોને દીન દુનિયાનું ઈલ્મ પ્રાપ્ત કરાવો. માણસને ઈઝ્ઝત, શાનોશોકત, માલ-ઘરેણાંથી નથી મળતી, તેનું અસલ ઝેવર (ઘરેણું) ઈઝ્ઝત અને કામ્યાબી, ઈલ્મે દીન અને દુનિયા હાસિલ કરવામાં છે. માટે પોતાની ઔલાદને ભણાવવામાં, પઢાવવામાં

પાછી પાની કરશો નહી.

બાળપણથી જ બાળકના મનમાં ઈલ્મ હાસિલ કરવાનો શોખ પૈદા થઈ જાય તો તે બાળક ખુશ નસીબ બને છે. અને તેની ઉપમા (મિસાલ) પત્થર પર લીટીની જેમ હોય છે. કારણ કે બાળપણની સ્મૃતિ ખુબ સારી હોય છે. જે કાયમ યાદગીરીનું અંગ બની જાય છે.

જે બાળકો નાનપણમાં સાત-આઠ વર્ષની ઉંમરમાં કુર્આન હિફ્ઝ કરી લે છે. તેમનું હિફ્ઝ ઘણું પાકું હોય છે. જ્યારે યુવાન વયના બાળકોને ખુબ મહેનત કરવી પડે છે.

"બુધ્ધિશાળી માણસ હંમેશાં જ્ઞાનની કદર કરનાર હોય છે."

સામાન્ય રીતે મા-ઓજ આ કાર્યને પાર પાડતી હોય છે. જુઓ આપણે ત્યાં નાના બાળકોને નાનપણથી જ કુર્આન મજીદ પઢવા મદ્રસામાં મોકલવામાં આવે છે. જેમાં બાળક પહેલાં તખ્તી-કાયદો પઢે છે. પછી કુર્આન મજીદ પઢવા લાગે છે. અને તેમાં પઢવાની ક્ષમતા પૈદા થઈ જાય છે.

હઝરત હસન (ર.દી) ફરમાવતા હતા કે બાળકો ! તમો ઈલ્મ હાસિલ કરો, આજે તમે નાના છો, કાલે તમે મોટા બની જશો, માટે બાળકને કુર્આન મજીદ અને સુન્નત તરીકાની તાલીમ આપવી જોઈએ.

**(૪૦) બાળક માટે મુત્તકી ઉસ્તાદ શોધો :-**

આપણા બુઝુર્ગો જ્યારે બાળકને શિક્ષણ અપાવવાનો ઈરાદો કરતા તો નેક અને મુત્તકી ઉસ્તાદ શોધતા હતા.

ઈમામ અબુ હનીફહ (રઅ.) ફરમાવે છે કે જ્યારે તમારા બાળકને પઢવા મોકલો તો સામાન્ય વસ્ત્રો પહેરાવીને મોકલજો મૂલ્યવાન અને સુંદર વસ્ત્રો પહેરાવશો નહીં. વિદ્યાર્થીને આની શી જરૂર ?

ઉસ્તાદનું મુત્તકી હોવું ઘણુંજ જરૂરી છે. જો ઉસ્તાદ મુસલમાન મુત્તકી છે તો બાળકને બાઈબલ ભણાવીને પણ તેને મુસલમાન બનાવી દેશે અને જો ઉસ્તાદ બેદીન હશે તો બાળકને કુર્આન મજીદ પઢાવીને પણ

નાલાયક બનાવી દેશે. આજના સમયમાં બે દીન ઉસ્તાદો, તથા શિક્ષકોના હાથે ઘણા બાળકોનું ઈમાન ખરાબ થઈ ગયું છે.

માટે નેક અકીદા અને તકવાવાળા ઉસ્તાદની શોધ એ મા-બાપની જવાબદારી છે. કારણકે બાળકમાં તેના ઉસ્તાદની અસર આવે છે.

**(૪૧) અરબી ભાષાનો શોખ પૈદા કરો :-**

કુર્આન મજીદ અરબી ભાષામાં નાઝિલ થયું. આપણા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ભાષા પણ અરબી હતી. જન્નતમાં પણ અરબી ભાષા હશે. માટે દરેક મુસ્લિમને અરબી ભાષા થી પ્રેમ હોવો જોઈએ. દરેક સ્ત્રી પુરૂષે અરબી ભાષા શીખવી જોઈએ. જેથી કુર્આન, હદીષમાં વર્ણન કરવામાં આવેલી દીનીવાતો સમજમાં આવી જાય.

આજની સ્ત્રીઓ બાળકને નાનપણથી જ અંગ્રેજી શિખવાડે છે પારકી ભાષાઓ શિખવાડવી જાઈઝ છે. પરંતુ અસલ તો અરબી ભાષા છે. જેથી બાળકોમાં દીનથી મોહબ્બત પૈદા થાય. કવિએ કેવું સરસ કહ્યું છે. **"સુનાહૈ વહાં હોગી બોલી અરબકી**

**મગર હમને સીખીહે ઈંગ્લીશ ગઝબકી"**

**"આજકલ કી લડકીયાં ખુદપે બડા નાઝ કરતી હૈ.**

**પહેલા કલ્મા આતા નહીં ફિર ભી ઈંગ્લીશ મેં બાત કરતી હે."**

જન્નતમાં દરેક બંદો અરબી બોલશે. આ કુર્આનની ભાષા છે. બાળક મોટું થાય તો તેને પચાસ ભાષાઓ શિખવાની છૂટ છે. જેટલી ભાષાઓ વધારે શીખે એટલું સારૂં છે. આજ કાલના સંપર્ક માટે દરેક ભાષા આવડવી જોઈએ.

આજની દૂનિયામાં વિજ્ઞાન ભણવું. મેડીકલ કોલેજમાં જવું. ઈજનેરી કોલેજમાં આપણા બાળકોને અવશ્ય શિક્ષણ આપવું, જેથી તેઓ ઈસ્લામની કિર્તી અને ખિદમત માટે જીવન જીવી શકે.

અલ્લાહ તઆલા આપણા સંતાનોને ઈલ્મે દીનથી માલામાલ કરે. પ્રથમ દીનનું ઈલ્મ શિખવું જોઈએ, બાકી ઈચ્છે તો આધુનિક શિક્ષણ ભણતા રહે. એ કોઈ ખરાબ વાત નથી.

## (૪૨) વહેલા સુઈ વહેલા ઉઠવું :-

કેટલાક લોકોને રાત્રે મોડા સુવાની ટેવ હોય છે. જેથી તેઓ સવારે વહેલા ઉઠી શકતા નથી. માટે રાત્રે વહેલા સુવાની અને સવારે વહેલા ઉઠવાની ટેવ બનાવવી જોઈએ. દરેક વ્યક્તિ માટે છ-સાત કલાકની ઉંઘ પુરી કરવી જરૂરી છે.

નબીયે કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈશાં પહેલાં સુવાનું પસંદ કરતા ન હતા. અને ઈશાં પછી બીન જરૂરી ચર્ચા અને વાત-ચીતને પસંદ કરતા ન હતા. માટે પ્રયત્ન એવો હોવો જોઈએ કે બાળકોને સુવા જાગવાનો સમય બતાવી દેવામાં આવે, સમયસર ઉઠવા માટે એલાર્મ મુકી અથવા વડીલોને ઉઠાડવાનું કહી સુવું જોઈએ. જેથી ફજરની નમાઝ જમાઅત સાથે અદા થઈ શકે.

બાળક જ્યારે સવારે ઉઠે તો તેણે વુઝુ કરવું જોઈએ પછી ફઝરની નમાઝ પઢવી જોઈએ. દાંત મોંની સફાઈ કરવી જોઈએ. બ્રશ કરવું, મિસ્વાક કરવું, ઘણા બાળકો નાનપણમાં મિસ્વાક, બ્રશ, નથી કરતા મોટા થયા પછી તેમના દાંતમાં સડો લાગે છે. અને પરેશાની ભોગવે છે.

નબીયે કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઈર્શાદ છે કે મને ઉમ્મતની તકલીફનો એહસાસ ન હોત તો દરેક નમાઝ વખતે મિસ્વાક કરવાનો આદેશ આપતો કે દરેક નમાઝ મિસ્વાક કર્યા પછી જ અદા કરવામાં આવે. શરીઅતમાં દાંતની સ્વચ્છતાનું એટલું મહત્વ છે કે બાળપણથી ધ્યાન રાખો તો બાળકના દાંત પણ સારા રહે છે. મોઢામાંથી ગંધ આવતી નથી નહિ તર ઘણી વખત મોંઢાથી મરેલા કૂતરાની માફક ગંધ આવે છે.

નબીયે કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સુતાં પહેલાં વુઝુ ફરમાવતા, મિસ્વાક કરતા હતા. રાત્રે સુતાં પહેલા દાંત સાફ કરવા ખુબ જરૂરી છે. આજકાલના ડૉકટરો પણ બ્રશ મિસ્વાક કરવાની તાકીદ કરતા રહે છે.

રાત્રે દાંત સાફ ન કરવાથી મોંઢામાં રહેલી મિઠાશ અને ખોરાકના રજકણો ચોંટેલા હોઈ પછી બેકેટેરીયાને ઘણો સમય પોતાનું કામ કરવાની તકમળી જાય છે. માટે રાત્રે સુતાં પહેલાં મોઢું તદ્દન સ્વચ્છ હોવું જરૂરી છે.

**(૪૩) કપડાં વાળ અને નખની સફાઈ રાખો :-**

વાળની સફાઈ અને સમયસર કપાવવાની કાળજી રાખવી, નખ પણ જુમ્માના દિવસે કાપવા સુન્નત છે.

કપડાંની સફાઈ પ્રત્યે ધ્યાન રાખો, ગંદા કપડાં પહેરવાથી તંદૂરસ્તી તથા ઈમેજ ખરાબ થાય છે. ગંદા કપડાં થાય તો માં-એ બદલાવી દેવા જોઈએ. સ્વચ્છ બાળકો જોવામાં પણ સારાં લાગે છે.

મદ્રસા - સ્કૂલમાં જતાં પહેલાં બાળકને સ્નાન કરાવો. શરીઅતનું ફરમાન છે કે "પાક સાફ રહેવું અડધું ઈમાન છે." સ્વચ્છ બાળક શરીઅતની નજરમાં પસંદ અને ગમતું બાળક છે.

**(૪૪) ફર્ઝ ગુસ્લની રીત બતાવી દેવામાં આવે :-**

છોકરો-છોકરી જ્યારે યુવા ઉંમરે પહોંચે તો તેમને ફર્ઝ ગુસ્લનો તરીકો શિખવી દેવો જોઈએ. ચાહે તો ઉસ્તાદ પાસે શીખે. દીકરી હોય તો મા-પાસે શીખે, મા-ને શરમ આવેતો માસી શિખવાડે, જેથી યુવાન અવસ્થામાં બાળકને ફર્ઝ ગુસ્લની વાત સમજમાં આવી જાય. નહિતર કેટલાય યુવાનો પર ગુસ્લ ફર્ઝ થયું હોય છે અને તેઓ ફકત નાહી લે છે. એમને ગુસ્લના ફર્ઝ યાદ હોતા નથી. ગુસ્લનો ઈસ્લામી તરીકો યાદ હોતો નથી. જેથી તેઓ ગુસ્લ કર્યું હોવા છતાં નાપાક ગણાય છે. માટે ફર્ઝ ગુસ્લનો તરીકો અવશ્ય શિખવવો જોઈએ. પાક રહેવું ફર્ઝ છે.

**(૪૫) વિવેક મર્યાદામાં રહો :-**

કામ વગર રસ્તામાં અથવા ઓટલાઓ પર નવરા બેસી ન રહો. જરૂર પડે બેસવું પડે તો મર્યાદાઓનો ખ્યાલ રાખો, પરાઈ ઔરતોને જોયા ન કરો, રસ્તામાં અડચણ રૂપ ઉભા ન રહો, તેમજ બેસો નહિ. જે સલામ કરે તેનો જવાબ આપો સારી વાત કરો, ગંદી બકવાસ, ગાલી ગલોચથી બચો, કોઈ દુઃખી હોય તો તેની મદદ કરો.

અગર વાહન પર સવારી કરો તો વાહન સાવચેતી થી હંકારો, બેફામઅને તેઝગતિથી ન ચલાવો, રસ્તા વચ્ચે વાહન ઊભું રાખી રાહદારીઓ માટે અડચણ ઊભી ન કરો, રાહદારીઓનો હક્ક અદા કરો. કોઈની દુકાન-મકાન સામે, માલિકની રજા સિવાય પાર્ક ન કરો.

## (૪૬) તે દિલ નથી પથ્થર છે.

જે હાથ માનવતાની સેવા માટે આગળ નથી વધતો તે પાંગળો છે. જે હાથ માનવીની ગરદન કાપવા માટે ઊઠે તો એના કરતાં વાઘનો પંજો સારો, જો માનવીનું કાર્ય કાપવાનું, મારફાડ કરવાનું હોત, તથા એના દિલનું કામ બરબાદીની યોજનાઓ ઘડવાનું યોગ્ય હોત, તો તેની અંદર અલ્લાહ તઆલા માનવીનું દિલ-દિમાગ ન રાખત, પરંતુ તેમાં શૈતાન અથવા રાક્ષશનું દિમાગ રાખત.

## (૪૭) કોઈની નિંદા, મશ્કરી, નખરાં, અડપલાં ન કરો :-

લગભગ મેહફિલોમાં એકબીજાની નિંદા, ચાડી, ચુગલી, જેવી નફરત ભરી વાતો થતી હોય છે. જેથી આપસમાં દુશ્મની, નફરત, અને કંજીયા, કંકાસ, જેવી આફતો ઉભી થાય છે. માટે આવી મહેફિલોથી બચવા માટે ખુબજ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

નવરા બેસી ન રહો, કોઈ ન કોઈ કામમાં પરોવાયેલા રહો. આજકાલ ઘણા લોકો નવરાઓની મેહફિલો સજાવવામાંજ પોતાની શાન સમજી બેઠા છે. નવરા બેઠા દુનિયાના બખેડાની વાતો કરી ન્યાયાધીશનું કામ કરે છે, આવા પાખંડી બનાવટી ન્યાયાધીશોનું ચૂલા સુધી ચલણ હોતું નથી તેમને તો ફક્ત એકજ રોગ લાગુ પડેલો હોય છે. જેમકે "જેની આંખમાં કમળો થયો હોત તો તે જગત પીળું દેખે." તેમનું મન જેવું હોય તેવું જગત દેખાય છે. માટે આવી મહેફિલો સજાવનારા નબીરાઓથી એવા દૂર ભાગો જાણે, કોઈ મુસીબત આફતથી ભાગતા હોય.

## (૪૮) મેહફિલમાં બુઝુર્ગો વડીલોની નિંદા ન કરો :-

અગર કોઈ બુઝુર્ગોની વડીલોની બુરાઈ કરે તો તેને નરમીથી સમજાવોકે ભાઈ અમારી સામે આવી વાતો ન કરો, અમોને તકલીફ થાય છે. કહેવા છતાંય ન માને તો ત્યાંથી સબર સંયમથી અલગ થઈ જાઓ. ખોટી બહસ અને ચર્ચા ન કરો. આપણા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના વિરૂધ્ધમાં દુશ્મનો ખરાબ વાણી વિલાસ કરતા સહાબા (રદી.) ને તકલીફ થતી તો સહાબા (રદી.)ને કેહવામાં આવ્યું કે તેમની પાસે બેસોજ નહીં, આ હુકમ

મક્કાવાસી સહાબા (રદી.)ને આપવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે મદીના શરીફમાં સહાબા (રદી.)ને ગલ્બો નસીબ થયો તો કેહવામાં આવ્યું કે બુરાઈ કરનારાઓને સખ્તીથી રોકો.

એટલા માટે જો તાકાત હોય તો બુરાઈ કરનારને રોકો અને કુદરત ન હોય તો સબરથી અલગ થઈ જાઓ.

### (૪૯) વાતચીતમાં વિવેક જાળવો :-

ફુઝુલ, બે ફાયદા વાતો ન કરો. લડાઈ-ઝઘડાવાળી વાતો ન કરો. બહું સોચી વિચારી વાત કરો. વગર વિચારે કરેલી વાતોનું બન્નેવ જહાનમાં ઘણીવાર મોટું નુકશાન થાય છે. બહું બોલકણા બનવામાં કમાલ નથી. કોઈની વાત બીજાને કેહતા ન ફરો, વગર જરૂરે બીજાઓની વાતો બીજે ન કરો. આપસના સબંધોમાં અને સમાજ રચનામાં બોલવાથી સંબંધો સારા અને ખરાબ બને છે. માટે જીભ પર લગામ રાખો. કહેવત મશહુર છે. "અકલમંદ વિચારીને બોલે છે, અને બેવકુફ બોલીને વિચારે છે." આ બન્નેવ બાબતોના પરિણામોમાં જમીન આસ્માનનો ફરક છે.

### (૫૦) વાતચીત કરવાનો તરીકો :-

સામે બેસી વાત કરો, પીઠ પાછળ વાતો ન કરો. ઈમામ અબુ હનીફહ (રહ.) તેમના શાર્ગિદ ઈમામ યુસુફ (રહ.)ને વસીયત ફરમાવી કે જે માણસ તમોને પાછળથી પોકારે તેનો જવાબ આપશો નહી, કારણકે આ રીત જાનવરોને હાંકવાની છે. તેણે તમારી સાથે એવો વ્યવહાર કર્યો જે જાનવરો સાથે કરવામાં આવે છે માટે તેને જવાબ આપવો યોગ્ય જ નથી.

અધુરી અને ગુંચવણ ભરી વાતથી સામેવાળાને દુ:ખ થાય છે માટે સાફ અને પુરી વાત કરો. જેથી પુરેપુરી સમજમાં આવી જાય.

ખુબ ઉંચા અવાઝે મોં ચઢાવી વાત ન કરો. અદબ અને મર્યાદામાં રહી વાત કરો.

બહું લાંબી વાતોનું વિવેચન ન કરો, અને બહું શોર્ટ પણ ન કરો. મતલબ સમજમાં આવી જાય એ રીતે ટુંકમાં વ્યવસ્થિત વાત કરો.

માણસનો હુનર છુપાયેલો છે. જ્યારે તે બોલે છે ત્યારે તેનો હુનર અને કમાલ માલમ પડે છે, માટે વાત અદબથી કરતા શીખો.

## (૫૧) વાતચીતમાં સાવચેતી રાખો :-

સાચું બોલો, જુંઠુ કદી ન બોલો. હા, બે લડનારાઓમાં સુલહ કરાવવા માટે જુઠ બોલવામાં વાંધો નથી.

બે મોઢાં વાળી (ડબલ ઢોલકી) વાતો ન કરો જ્યાં ગયા તેમની હાંકવા ન લાગો. ગિબત, નિંદા, ચાડી ચુગલીથી દૂર રહો. તેમાં ગુનાહ સાથે જાતજાતના ફિત્ના પણ પૈદા થાય છે.

કોઈ એવી ચર્ચામાં ન પડો જેથી બહસ અને તકરાર ઉભી થાય. અગર કોઈ એવી હરકત કરે તો તમો ખામોશ થઈ જાઓ.

આપણા બુઝુર્ગો પણ આવા સમયે ખામોશ થઈ જતા હતા. લડાઈ ઝઘડો ન કરતા, ઝઘડા કરવાથી દીન થોડું ફેલાઈ છે. કોઈને આ નસીહત ગમે કે ન ગમે. આપણે તો આપણા બુઝુર્ગોની પેરવી કરવી જોઈએ.

જાત જાતની વાર્તાઓ, ફિલ્મી સ્ટોરીયો, અને અદાકારોની નકલની વાતોથી સખત નફરત કરો. તેનાથી દૂર રહો, કારણ કે તેનાથી સમય બરબાદ થાય છે. અને દીલોમાં ગુનાહોનું ઝેર પૈદા થાય છે, અને દુનિયા આખિરત બરબાદ થાય છે.

## (૫૨) વાત સાંભળવાના અદબ :-

જ્યારે તમારાથી કોઈ વાત કરે તો ધ્યાનથી સાંભળો, કદાચ સમજવામાં કસર રહેતો બીજી વખત તહકીક કરી પુરે પુરી સમજવી જોઈએ, અમુક સમયે ગલત ફહમીના કારણે તકલીફ ઉભી થઈ શકે છે.

વડીલોની વાતને માન આપો. મન દુઃખ ન કરો, સબરથી કામ લો, કદાચ તમારી ચકાસણી કરતા હોય.

જ્યારે તમોને કોઈ કામ કરવા માટે વાત કરવામાં આવેતો જરૂરથી હા, અથવા ના, કહો જેથી વાત કેહનારને સંતોષ થઈ જાય. નહિતર વાત

કેહનારને તમારા ચુપ રેહવાથી ગલત ફેહમી થઈ શકે છે. માટે જે વાત કેહવામાં આવે તેનો જવાબ જરૂર આપો.

તમારા સવાલનો જવાબ આપવામાં આવે તો ચુપ ન બેસી રહો, બલ્કે સમજમાં આવ્યું હોય તો કહો ઠીક છે, ચુપ બેસી રેહવું જવાબ ન આપવો, એ અદબના ખિલાફ છે.

વડીલો સામે પોતાની જરૂરીયાતની વાત રજૂ કરો તો અધુરી વાત ન કરો. અને જ્યારે તે કોઈ વાતની તહકીક કરેતો ગોલમોલ જવાબ ન આપો. તેમને ઊલઝનમાં નાખી સમય બરબાદ ન કરો.

## (૫૩) સમયનો સદ્ ઊપયોગ શિખવો :-

હકીકતમાં માણસ દુનિયામાં કોઈને કોઈ કામ કરવા માટે પૈદા કરવામાં આવ્યો છે. જ્યારે સમયને નેક અને ફાયદા કારક કામોમાં ખર્ચ કરવામાં આવે છે તો અભણ જ્ઞાની બને છે. જંગલી માણસ સારાઅખ્લાક વાળો બને છે. ફરિશ્તા સિફત બને છે. ગરીબ માલદાર બને છે. બેવકુફ ના સમજ હોંશિયાર બને છે.

પોતાના જીવનમાં શાંતિ, આરામ, ખુશી જેવી નેઅમતો સમયને ઠીક કામોમાં ખર્ચ કરવાથી જ મળી શકે છે.

સમય એક અનમોલ દૌલત છે. તેને વેડફી બરબાદ કરનાર ખાલીહાથ, મુફલીસ, ગરીબ, તબાહ હાલ, બની જાય છે. જીવનભર ચિંતા દુઃખમાં રહે છે. બીજાઓને દોષિત ઠેરવે છે. છેવટે તેની મૌત તેના માટે ગિરફતારીનું વોરન્ટ બને છે. મર્યા પછી પણ સમય બરબાદ કરવાને લીધે અઝાબમાં સપડાશે.

બસ ! ખુશનસીબ ઈન્સાન બનવું હોય તો સૌ પ્રથમ પોતાના સમયનો સદ્ઊપયોગ કરો. એક સેકન્ડ બેકાર બરબાદ ન કરો. દરેક કામ માટે સમય નક્કી કરો તથા દરેક સમયે કોઈ કામ કરવાનું નક્કી કરો.

સમયસર કામ કરવાથી ટાઈમમાં ફાયદો અને બરકત માલમ પડે છે. સમયને વેડફી બરબાદ કરનારને સમય ઓછો અને કામો વધારે લાગે છે. તેઓ ફુરસદ ન મળવાના ખોટાં બહાનાં બનાવે છે.

અલ્લાહ તઆલાએ નેક કાર્યોમાં તથા મેહનતમાં બરકત મુકેલી છે. સર્વે કામોને સમયસર કરવાથી બધાજ કામો પુરાં થાય છે. સાથે અલ્લાહ તઆલાની બંદગી કરવાનો સમય પણ નિકળી આવે છે.

## (૫૪) ફુઝુલખર્ચીમાં નાણાં બરબાદ કરશો નહિ :-

પૈસા કમાવવા કરતાં તેને સારા કામોમાં ખર્ચ કરવું વધું અગત્યનું છે. બહું ઓછા લોકો તેનો સદ્‌ઊપયોગ કરવાનું જાણે છે. સખત પરિશ્રમથી કમાયેલાં નાણાં હાથમાં આવી જાય છે. પરંતુ ખર્ચ કરવાનો સાચો માર્ગ શોધ્યો નહી તો "આમ પૈસા આવ્યાને બીજે રસ્તેથી નિકળી ગયા" માટે સારા માર્ગે ખર્ચ કરવાનું જ્ઞાન પણ મેળવવું જોઈએ.

પોતાના જીવન જરૂરિયાતમાં ખર્ચ કરવું. મોહતાજ ગરીબોની મદદ કરવી. સગાં સબંધીઓને, દોસ્તોને, હદીયો ભેટ આપવી. નેક કામોમાં ખર્ચ કરવું. મસ્જીદ, મદ્રસા, સ્કૂલ બનાવવામાં, નિભાવ ખર્ચમાં વાપરી નેક કાર્યોમાં સહકાર આપી તેમાં ભાગીદાર બનો.

નેક કાર્યોમાં નાણાં ન ખર્ચનાર બખીલ અને કંજુસ કહેવાય છે. તેના માલમાં ખૈર બરકત અને ભલાઈ હોતી નથી.

"સખી ખુદાની રહમતથી નજીક અને બખીલ ખુદાની રહમતથી દૂર છે."

## (૫૫) ઘરને નાજાઈઝ વસ્તુઓથી પાક રાખો :-

આજકાલ મુસલમાનોના ઘરોમાં શયતાની સામાન ભરેલા છે. અલ્લાહ તઆલાએ અર્પણ કરેલી દૌલત તેની નાફરમાનીના સાધનો લાવવામાં ખર્ચાઈ રહી છે. આ બદબખ્તી શું ઓછી હતી.? ઊપરથી જેલોકોએ પોતાના ઘરોને શયતાની સામાનથી પાક રાખ્યા છે. તેમને લાનતાન અને ગંદી ખરાબ વાતો કરી તકલીફ પહોંચાડવામાં આવે છે. જે અતિ ગંભીર અને ચિંતાનો વિષય છે.

આપણી ઘણી બહેનો અલ્લાહ તેમને હિદાયત આપે, પોતાના નાના ભુલકાંઓને એવો ડ્રેસ પહેરાવે છે. કે તેમની પીંડલીઓ ખુલ્લી રહે છે. તેમની મા-ને કદાચ નસીહત કરવામાં આવે કે આવો ડ્રેસ કેમ પહેરાવો છો ? તો તેઓ કહે છે કે અમો પણ આવો જ લિબાસ પહેરતા હતા, મોટા થયા પછી તેને છોડી દીધું. બોલો ! આમને શું કહેવું. ?

ઘણા નાદાન વાલીઓને પોતાની ઔલાદને ભાતભાતના જોડા-કપડાં પહેરાવવાનું એવું ભૂત સવાર થાય છે કે ખબર નથી પડતી કે તેઓ શું કરવા માગે છે. તેમના બાલનું કટીંગ પણ એવું વિચિત્ર કરાવે છે. કે તેમનો પહેરવેશ અને બાલ જોઈને માલુમ ન પડે કે તેઓ મુસલમાન છે કે નહિ ? આવી હરકતોથી ડરવું જોઈએ.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે જે લોકો રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સુન્નતોનો વિરોધ કરે છે. તેમણે ડરવું જોઈએ. કદાચ તેમના ઉપર કોઈ દુઃખ દાયક આફત આવી ન પડે.

જ્યારે ખુશીના અવસરો આવે, જેમકે ઈદનો તેહવાર અથવા લગ્ન પ્રસંગ તો એવા સમયેતો ઘણા દીનદાર અને નેક સમજદાર વાલીઓના ઘરોનો પણ નકશો બદલાઈ જાય છે. દીન તથા શરમ-હયા જેવી ખુબીઓ અલોપ થઈ જાય છે. અને બેહયાઈ અને શયતાની કામો તથા હરકતોની બોલબાલા હોય છે.

માટે વાલીઓ આ બાબતે સજાગ રહે. અલ્લાહ તઆલાના હુકમો અને હઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સુન્નતોની પાબંદી કરવામાં આવે, અને અલ્લાહ તઆલાની અર્પણ કરેલી નેઅમતોનો શુક્ર અદા કરવામાં આવે. શરીઅત વિરૂધ્ધ હરકતો કરી અલ્લાહના અઝાબને દઅવત ના આપો, કે જેથી આપણી નેઅમતો અને ખુશીયો બરબાદ થઈ જાય, પોતાના ઘરોને શયતાની સામાન અને બેદીનીની હરકતોથી પાક રાખો. અલ્લાહ તઆલાની અને પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મોહબ્બત દીલમાં પૈદા કરો અને શૈતાન અને તેની પેરવીથી પોતાને તથા આપણી ઔલાદને દૂર રાખો.

## (૫૬) શયતાનથી દુશ્મની રાખો :-

શયતાન ઈમાન વાળાઓનો દુશ્મન છે. તે મોમિનની આબાદી કામ્યાબી જોઈ શકતો નથી માટે તેના પગલે ચાલવાનું છોડી દો હઝરત અબુબક્ર (ર.દી)નું ફરમાન છે કે બંદામાં જ્યારે દુનિયાની ફેશનથી ઘમંડ પૈદા થાય છે તો અલ્લાહ તઆલા તેનાથી દુશ્મની રાખે છે.

તે માણસને જોઈને નવાઈ લાગે છે કે જે શૈતાનને દુશ્મન ગણે છે. છતાંય તેની તાબેદારી કરે છે. અને ખુદા તઆલાની રઝામંદીવાળા કામો છોડી દે છે. અને પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મુબારક સુન્નતો પર અમલ કરવાનું છોડી આળસુ બની જાય છે. શયતાને લોકોને સામાન્ય રીતે આળસુ બનાવી દીધા છે. તેણે બધાને પાઠ ભણાવી દીધો છે કે ભાઈ ! જે કરવું હોય તે કરીલ્યો, પાછલી ઝિંદગીમાં તૌબા કરી લઈશું, "અલ્લાહ તઆલા ગફુર તથા રહીમ છે."

આજકાલ લોકોને આ વાત સમજવામાં ભુલ થઈ છે વધું વિગત માટે કિતાબોમાં તૌબાનું બયાન વાંચવામાં આવે, અને આલિમોની સોહબતમાં રહો. ઈન્શાઅલ્લાહ ગુનાહોથી અને શયતાનની પેરવીથી બચાવ થશે.

## (૫૭) બીજાને ઘેર પરવાનગી લઈને દાખલ થવું :-

કુર્આન શરીફમાં હુકમ છે કે બીજાઓના ઘરોમાં જ્યાં સુધી તેમનાથી રજા ન લઈલો દાખલ ન થાઓ ! હદીસ શરીફમાં એ ઈજાઝતની હદ બતાવી દીધી છે. કે ત્રણવાર રજા માંગો ! જો રજા ન મળે તો પાછા વળી જાવ. ચોથીવાર ન પુછો, કારણ કે તેથી ઘરવાળા તંગ થશે આ હુકમ મર્દાના અને ઝનાના બંન્નેવ મકાનો માટે છે. મર્દાના એટલે મર્દો પુરૂષોનો બેઠક રૂમ ઝનાના એટલે સ્રી બેઠક રૂમ,

અમુક મર્દાના મકાન એવા પણ હોય છે. જેના રહીશો એકાંત ચાહે છે. તો ત્યાં રજા વિના કદી ન જાઓ.

બાળકોને પોતાના ઘરમાં આવવા માટે પણ પરવાનગી લેવાનું શીખવવું જોઈએ. આ પરવાનગી લેવાનો શરીઅતનો હુકમછે. આનો હેતું એજ છે કે ઘરની સ્રીઓ ઘણીવાર કઢંગી હાલતમાં હોય તો તેને પોતાના વસ્રો સરખા કરવાની તક મળી જશે. માટે શરીઅતનો હુકમછે કે પુરૂષ ઘરમાં દાખલ થતાં પહેલાં પરવાનગી મેળવે, બાળકને શરૂઆતથી જ આ બાબત સમજાવવી જોઈએ.

## (૫૮) મિશ્ર મેહફિલોથી દૂર રહેવું :-

બાળક જ્યારે મોટું થાય, ત્યારે તેને સ્રી પુરૂષોની મિશ્ર મેહફીલમાં લઈને જવું નહી. તેને કહેવું જોઈએ કે છોકરાઓ પુરૂષો સાથે રહે અને છોકરી સ્રીઓ સાથે રહે, એક બીજાને જ્યારે મળો તો મેહરમ સાથે મળો જેથી બાળકને શરૂઆતથીજ મેહરમ અને ગેર મેહરમનો તફાવત સમજમાં આવી જશે.

## (૫૯) બાળકને ગંદી ફિલ્મો અને ડ્રામાથી દૂર રાખો :-

બાળકને ગંદી ફિલ્મો, ડ્રામા, ટી.વી. વી.સી આર, જેવી મુસીબતોથી દૂર રાખો. કારણકે આ બધી વસ્તુઓ તેમનામાં વાસના પૈદા કરે છે. નાપાક વિચારોથી મનને બગાડે છે અને તેને ગુનાહ કરવા ઊશ્કેરે છે. માટે ઘરને આ મુસીબતથી પાક રાખવું જોઈએ.

## (૬૦) હિમ્મત રાખો અને કોતાહીઓનો ઈલાજ કરો :-

એક સમય એવો નક્કી કરો તેમાં વિચારો કે અલ્લાહ તઆલાએ આપણને કેટ કેટલી નેઅમતો આપી છે. અને આપણો મામલો અલ્લાહપાક સાથે કેવો છે ? ફરી વિચારો કે કિયામતનું મેદાન હશે, અને આપણે અલ્લાહ તઆલાની સામે હોઈશું અને આપણાથી આ સર્વે નેઅમતોની પુછ થશે કે અમે આટ-આટલી નેઅમતો તમોને આપી હતી છતાં તમે આટલી ના ફરમાની કેમ કરી ?

માટે અલ્લાહ તઆલાની સામે દુઆ કરો અને ગુનાહોની તૌબા કરી માફી ચાહો જો તમે આ અમલ પાબંદીથી કરશો તો થોડા દિવસોમાંજ ઘણો ફેર પડી જશે અને નેક આ'માલની તૌફીકમાં વધારો થતો જશે.

## (૬૧) અલ્લાહવાળાઓની સોહબતમાં રહો. :-

અલ્લાહ વાળાઓની સોહબતમાં અવાર નવાર હાજરી આપો, અને તેમના ઈલ્મથી લાભ મેળવો અને જો આવી વ્યક્તિ ન મળે તો કિતાબમાં બુઝુર્ગોની હિકાયતો તથા નસીહતો વાંચ્યા કરો આ એક અતિ ઉપયોગી ઊપચાર છે. તમો જો આ ઉપચાર પર નિયમિતતા જાળવશો તો અલ્લાહ તઆલા ઈમાન આમાલ પર કાયમ રાખશે અને ઈમાનની સાથે મૌત પણ નસીબ ફરમાવશે.

## (૬૨) એક ફાયદા કારક તદબીર :-

ઘરની ઔરતો અને બાળકોમાં દીનની સમજ અને શોખ પૈદા કરવા માટે ઘરમાં પુરૂષો દરરોજ થોડો સમય નક્કી કરી તેમને દીનની કિતાબો પઢીને સંભળાવે અને જે વાતો મસ્જીદમાં આલિમો થી સાંભળે તે વાતો ઘરવાળાંઓને સંભળાવતા રહે.

જો કોઈ બહેન પઢેલા હોય તો આજુબાજુ રહેતી ઔરતો તેમની પાસે બેસી કિતાબ સાંભળે આ રીતે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઉમ્મત દીનની જાણકારી અને તેના પર અમલ કરનારી થઈ શકે છે.

## (૬૩) મનોરંજન અને બેહયાઈ :-

ઈસ્લામ ધર્મમાં મુસ્લિમને તેના જીવનમાં મનોરંજન ના તકાજા જે જાઈઝ છે. તેને શરીઅતની મર્યાદાઓમાં રહીને પૂરા કરવામાં આવે, તો તેને પૂરા કરવા પણ ઈબાદત લેખાશે.

જેમકે ખાવું, પીવું, ઓઢવું, પાથરવું, મહેનત-મજુરી, નોકરી, શાદી-વિવાહ, માનવનો એક જાઈઝ તકાદો છે. જે પુરો કરવો જાઈઝ છે. બલ્કે દરેક માનવ પ્રકૃતિનો હક્ક છે.

એવી જ રીતે ખેલકુદ, રમત-ગમત, હંસી, મજાક, પણ માનવ પ્રકૃતિનો એકતકાજો છે. પરંતું આટલું અવશ્ય યાદ રાખો. કે ઈસ્લામે દરેક ચીઝની એક હદ નક્કી કરી છે .જે માણસ આ મર્યાદાઓનું ઊલંઘન કરશે તે ગુનેહગાર ઠરશે, જેમકે ઈબાદતો અંજામ આપવામાં પણ અમુક મર્યાદાઓ છે. જ્યારે ઈબાદતોમાં પણ મર્યાદાઓ હોય તો શું ખેલ કુદ અને મનોરંજનમાં મર્યાદાઓ નહીં હોય?

તો પછી આપણે પણ ઈસ્લામી મર્યાદાઓને નજરમાં રાખીને મનોરંજન, ખેલ-કુદ, આનંદ પ્રમોદમાં પણ ઈસ્લામી મર્યાદાઓનો ખ્યાલ રાખવો પડશે.

## (૬૪)ટી.વી એટલે ગુમરાહીની અંતિમ હદ :-

ટી.વી, ડ્રામા, નાટકો, અને ફીલ્મો નીહાળીને લોકો એટલા કોરા કટ થઈ ગયા છે અને બેહયાઈમાં એટલી હદે ખૂંપી ગયા છે કે હવે તો ફિલ્મી એકટરો અને નાટક કરનારા અને ગાયકોને ફિલ્મી સિતારાઓનું નામ આપવામાં આવે છે.

"સિતારા" નો લકબ તો આપણા વ્હાલા અને પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ સહાબા (રદી.) ને અર્પણ કર્યો હતો, કારણ કે તે પાક હસ્તીઓએ દીન ખાતર પોતાના તન, મન, ધન, ઈઝ્ઝત, આબરૂ સર્વ કાંઈ કુર્બાન કર્યા. (સહાબા (રદી.) ના માન મર્યાદાને ઊચ્ચ દરજ્જો ના આપનાર કોઈ માણસ મુસલમાન બની શકતો નથી.)

તેવા પાક અને પવિત્ર જીવન બસર કરનાર સહાબા (રદી.) ને અલ્લાહ તઆલાએ પણ કુર્આન મજીદમાં પણ હિદાયત પામનારા અને અનેક કામ્યાબી પામનારા લેખાવ્યા છે. અને આપણાં અંતિમનબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ જેમને આ લકબ "સિતારા" અર્પણ કર્યો છે. કે મારા સહાબા (રદી.) "સિતારા" સમાન છે. તેમના પૈકી તમે પણ જેની પેરવી કરશો તો હિદાયત પામશો. (તિરમીઝી શરીફ)

હવે વિચારો ! આજે મુસ્લિમ સમાજ પણ એટલી હદે પહોંચી ગયો કે, ફિલ્મી એકટરો, નાટક ભજવનારાઓ અને ગાયકોને પણ ફિલ્મી "સિતારો" કહેવા લાગ્યા અને માનવા લાગ્યા, આતો કેવી જહાલત અને ગુમરાહી !

## (૬૫) ફિલ્મી સ્ટારોએ સમાજને શું આપ્યું :-

જરા અનુમાન કરો ! ફિલ્મી સ્ટારોએ દરેક સમાજમાં નગ્નતા, નિર્લજ્જતા, અશ્લીલતા, બીભત્સતા, વૈભવ વિલાસ, અધર્મતા, ગુમરાહી, ઐયાશી અને બેગયરતી ફેલાવવામાં અને આપણી માં-બહેનો

તથા બેટીઓની ઈઝ્ઝત આબરૂના લીરે-લીરા ઉડાવવામાં અને આપણી ઉગતી પેઢીને તબાહ અને બરબાદ કરવાની મનહુસ ભેટ આપી, આવા બેશરમ અને બદ્‌મઆશ લોકોને "સિતારા" નામ આપવું કેટલું યોગ્ય છે?

**(૬૬)ટી.વી.ના આશિકો એવું ન સમજે :-**

ટી.વી. આશિકો અને ખેલ તમાશાના ચાહકો એવું ન સમજે કે ઈસ્લામ રમત-ગમત, ખેલકુદની મનાઈ કરે છે. પ્રિયજનો ! કદાપી નહી, ઈસ્લામ ખેલ-કુદથી મનાઈ નથી કરતો પરંતુ ખેલ એવો હોવો જોઈએ જેમાં શરમ હયાની મર્યાદાનો ખ્યાલ રાખવામાં આવે. ખેલ એવો હોવો જોઈએ જેમાં ઉપર લખેલી બરબાદીઓથી આપણે બરબાદ થતા ના હોય, જે ખેલ આપણને ઈબાદતથી, ખિદમતથી, ઈલ્મ પ્રાપ્ત કરવાથી, શરમ હયાથી, સારા અખ્લાકથી કુર્આન હદીષથી તથા મસ્જીદ થી અહીંયા સુધી કે ઈમાન થી પણ મહેરૂમ કરી દે. એવા ખેલને તથા ખેલ બતાવનાર મલ્ઉન ટી.વી.ને એક સામટી ત્રણ તલાક આપી ઊંડી ખીણમાં ધકેલી દેવા જોઈએ.

કારણ કે ટી.વી.માં દર્શાવવા ખેલોએ આપણી પાસેથી સર્વ કાંઈ છીનવી લીધું છે. અને આપણને માનવતા અને નમ્રતા અને નેક કાર્યોના દુશ્મન અને બળવાખોર, વિદ્રોહી બનાવી દીધા છે. આવા નાલાયક દ્રશ્યોએ પત્નીને પતિથી, બાળકોને માં-બાપથી, અને નેક લોકોથી અને સારા સંસ્કારોથી દુર કરી દીધા છે. નમાજીઓને મસ્જીદોથી અને નેક સોહબતની મજલીસોથી દુર કરી દીધા છે.

**(૬૭)હજું પણ સમય છે. :-**

વ્હાલા ભાઈ-બહેનો ! પોતાને બદલો અને આવા નાપાક ગુનાહિત મનોરંજનથી પોતાને અલગ કરી દો. પોતાનો કીંમતી સમય અને દૌલત, ખેલ-કુદ, ટી.વી., સિનેમા તથા મોબાઈલ પર અન્ય ગંદા ડાઉનલોડથી અશ્લીલ મેગેઝીનોમાં બરબાદ કરવાને બદલે ઈસ્લામની ઈશાઅતમાં ગરીબ દર્દીઓના ઉપચારમાં, વિધવાઓની સહાયમાં, યતિમોની પરવરીશમાં અને માનવ કલ્યાણના અમુલ્ય કાર્યોમાં ખર્ચ કરો.

**(૬૮)ટી.વી.ને ઘરોમાંથી કાઢી મુકો :-**

ભાઈઓ ! ટી.વી.ની આ લાઅનતે આપણી પાસેથી બધુંજ છીનવી લીધું છે. હજું કોણ જાણે શું શું ઝુંટવી લેશે? જો આપણે તેની ઘરોમાંથી હકાલપટ્ટી નહી કરીયે તો યાદ રાખજો એક દિવસ શેરીયે... શેરીયે...રડતા ફરીશું, આસું સારવા સિવાય કશુંજ હાથમાં નહી આવે.

**(૬૯)ટી.વી. વિષે અંતિમ ગુજારિશ :-**

ટી.વી. જોનારની સમજ બુધ્ધિની તબાહી અને શરમ-હયા તથા ગયરતનો જનાઝો નિકળી જાય છે. દીને ઈસ્લામ અને શરીઅતનો આદરતો નામપૂરતો જ રહી જાય છે. તથા અભિનેત્રી, અને ગાયિકાઓ અને ડાન્સરોથી પ્રેમ થઈ જાય છે. કોઈ દીની કિતાબ વાંચવાને બદલે ફિલ્મી ડાયજેસ્ટ, મેગેઝિનો તથા ગંદા ચિત્રો, અને વિનાશકારી નવલ કથાઓ વાંચવામાં મુલ્યવાન કિંમતી સમય વેડફી નાખવામાં આવે છે. ગાયનો, ગઝલો, અને કવ્વાલીયો સાંભળીને આનંદ પ્રમોદ અને મનોરંજન પ્રાપ્ત કરવામાં આવે છે. આતો દુનિયાની હાલત અને બરબાદી છે.

મૃત્યુ બાદ કબરમાં આ ટી.વી. ના આશિકોને થઈ રહેલો અઝાબ દુનિયામાંજ કેટલાક ઈબ્રતનાક અને બોધપ્રાત કિસ્સાઓમાં દુનિયાના લોકોએ નિહાળ્યો. આ સિવાય કિયામતમાં જે અઝાબ થશે તે તો બયાનને પાત્ર નથી.

**"અબ જીસ્કે દિલમેં આયે વોહીપાએ રોશની,**
**મૈંને દિલ જલાકે સરે આમ રખ દિયા."**

**(૭૦)અંતિમ ગુજારીશ :-**

સમાજમાં ખુબ વ્યાપક સ્તરે ફેલાયેલી બુરાઓથી નિરાશ થઈ, માથે હાથ દઈ બેસી ન જઈએ. પોતાના સંકલ્પ વડે બુરાઈયોના અંધકારમાં ઊમ્મીદના દીપ જલાઓ. જેથી પવિત્ર અને સન્માની જીવન તરફ ડગ માંડવાની હિમ્મત આવે. બીજાઓને પણ હિમ્મત આપીએ. એ આજના સમયની મહત્વપૂર્ણ જરૂરત છે.

## મકાતિબનું મહત્ત્વ બુઝુર્ગોની નજરમાં

(૧) હઝરત મૌલાના ઈલ્યાસ (રહ.) એ "મુસલમાનોની બરબાદીના કારણો અને ઈલાજ"કિતાબમાં લખ્યું છે કે પોતાના છોકરા-છોકરીઓને ગામના મકતબમાં કુર્આન મજીદ અને ઈસ્લામી તાલીમના બંદોબસ્તને તમામજરૂરી કાર્યોથી વધું અગ્રિમતા આપો.

(૨) મૌલાના મન્જુર નૌઅમાની (રહ.) ફરમાવે છે કે દોસ્તો ! આપણા બાળકો માટે બે માંથી એક વાત પસંદ કરો.

એક તો ખુદા ન કરે પોતાની નસલ (સંતાનો) ની દીની અને ઈસ્લામી તહઝીબ થી મુર્તદ (વંચિત) થઈ જવા પર રાજી થઈ જાવ. અથવા આ ફેસ્લા પર અડગ થઈ જાઓ કે અમો અલ્લાહની મદદથી અને દીની તાલીમથી એક એક બાળકને ઈસ્લામથી મુર્તદ (વંચિત) થવાના તૌફાનથી બચાવીશું.

અને આ મહાન કાર્યમાં જે કુર્બાની આપવી પડે.મહેનત કરવી પડે તેમાં અમો પાછી પાની નહી કરીએ. (તકબીરે મુસલસલ-૩૧)

(૩) હઝરત મૌલાના અલીમિયાં નદવી (રહ.) ફરમાવે છે. કે વર્તમાન યુગમાં મકતબ-મદ્રસાની તાલીમનો બંદોબસ્ત ખુબજ જરૂરી છે. હું સમજુ છું કે આજના સમયમાં આવનાર નવી પેઢીને દીન-ઈમાનની હિફાઝત માટે મકતબની તાલીમ સિવાય બીજી કોઈ તદબીર કે ઈલાજ લાભકારક થઈ શકતો નથી.

(૪) હઝરત મૌલાના અલીમિંયા નદવી (રહ.) ફરમાવે છે કે નવી પેઢીનો ઈસ્લામી જીંદગી અને મસ્જીદોથી રિશ્તો મજબુત રાખવા માટે મસ્જીદોમાં વાઅઝ-નસીહત તથા ઘરોમાં તાલીમઅને તરબિયત અને મકતબો તથા મદ્રસામાં દીની તાલીમનો બંદોબસ્ત કરવો પડશે.

(૫) એવી રીતે દેશભરમાં સવાર-સાંજ મકતબોમાં તાલીમની એક જાળ બિછાવી દેવી પડશે. કોઈ ગામકે મહોલ્લો તેનાથી મહરૂમ ન રહે.

(તકબીરે મુસલસલ)

(૬) એજ પ્રમાણે આપણી નવી નસલ (સંતાનો)ને મુશ્રિકાના તાલીમના અસરથી બચાવવાની કોશીષ કરવી આજના સમયનો દીની ફર્ઝ અને મહાન ઈબાદત છે. આપણી નસલને ઈસ્લામપર કાયમ રાખવા માટે તેમની તાલીમ અને તરબિયતનો બંદોબસ્ત કરવો પડશે.

(તકબીરે મુસલસલ)

(૭) આપણું કામ સંતોષકારક નહી થાય જ્યાં સુધી મુસલમાન પોતાના બાળકોની તાલીમને, તેમના ખાવા-પીવા, અને દવાથી વધારે જરૂરી ન સમજે.

(૮) જેટલા શોખ અને ખંતથી મસ્જીદો તામીર કરીએ છીએ તે મસ્જીદો મકતબની તાલીમવગર આબાદ થશે નહી. જ્યાં સુધી મકતબની તાલીમની કોશીષને ઈબાદતનો દરજ્જો નહી આપીએ ત્યાં સુધી આપણું કામ સંતોષકારક નહી થાય. (તકબીરે મુસલસલ)

(૯) મુસલમાન નારા બુલંદ કરી શકે છે. જુલુસ કાઢી શકે છે પરંતુ ચુપચાપ પોતાના બાળકો માટે દીની તાલીમનો બંદોબસ્ત નથી કરી શકતા. આ એક એવી ખાનદાની બરબાદી છે કે તેઓ આગળ જતાં ઈસ્લામ છોડવાવાળા બની જાય છે. પરંતુ મુસલમાનો આટલી મોટી બરબાદીથી બેખબર છે. (તકબીરે મુસલસલ)

(૧૦) બિલ્કુલ સાફ શબ્દોમાં જણાવું છું કે બાળકોના ઈદના કપડાંથી, બિમારીના ઈલાજથી, તથા નોકરીની લાયકાત પૈદા કરવા કરતાં લાખો ઘણી જરૂર એ વાતની છે કે તેમને સાચા અને પાકા મુસલમાન બનાવવામાં આવે. (તકબીરે મુસલસલ-૨૫૨)

(૧૧) આપણે ગમે તેટલી નમાજો પઢીએ, તસ્બીહ પઢીયે, ચાહે ગમે તેટલી મસ્જીદો બાંધીયે, ગમે તેટલો સદકો-ખૈરાત કરીયે, હજું આગળ વધીને કહું કે દસ-દસ વખત હજ્જ કરી ચુકયા હોઈયે, બુઝુર્ગોને દીન થી સબંધ ધરાવતા હોઈએ. છતાં પણ હું સાફ શબ્દોમાં કહું છું કે આપની ઔલાદ બે દીન હશે તો કયામતના દિવસે તે નેકીયોં કામ આવશે નહી. અને આપણી બક્ષીશ નહી કરાવી શકે. (તકબીરે મુસલસલ-૪૪૨)

(૧૨) વધુમાં મૌલાના ફરમાવે છે કે આપણા ઈમાનનો તાકાઝો એછે કે કદાચ બાળક પાસે કશુંજ ન હોય, તેનું ખીસું ખાલી હોય, ભુખ મરો હોય, છતાંય આ બધી મુસીબતો સબર, શુકથી ચલાવી લઈશું, પરંતું તેઓ ઈમાનની દૌલતથી મહેરૂમથઈ જાય અને ઈસ્લામ છોડવા ના આરે આવી જાય. તે કોઈ પણ રીતે ચલાવી લેવાય નહી.

(૧૩) મુસલમાનોની શાનતો એવી નિરાલી છે કે કદાચ તે સ્વપ્નામાં જુએ કે તેનું બાળક ઈમાનથી મહેરૂમથઈને હરીફરી રહ્યું છે. કમાય છે, ખાય છે, તો સુતાં સુતાં તેની ચીસો નિકળી જાય, જ્યારે લોકો પુછે કે શું થયું ? ખૈરિયત તો છે ને ? તો કહે કે મેં સ્વપ્નામાં મારા બાળકોને જોયું કે મારો બાળક સમયનો મોટો માલદાર અને ઊંચા હોદ્દા પર બિરાજમાન છે. પરંતુ ઈમાનથી મહેરૂમછે. (તકબીરે મુસલસલ-૪૪૫-૪૨૮)

(૧૪) જો તમો એ ફેસ્લો કરીલો કે પોતાના ખર્ચની રકમમાં થી થોડી રકમ મકાતીબો માટે પણ રાખીશું તો આ એક ઐતિહાસિક નિર્ણય ગણાશે. મુસલમાનના માલ-દૌલતની કિંમત અને ફાયદો ત્યારેજ થશે, જ્યારે તે ઈસ્લામની ખિદમતમાં વપરાય. નહિંતર એ ધન-દૌલત કારૂનનો ખજાનો છે. દુનિયામાં રૂસ્વાઈ અને આખિરતમાં પકડનો સામાન છે.

(૧૫) કદાચ મા-ની ગોદમાંથી બાળક છીનવી લેવામાં આવે તો આફત આવી પડે લોકો દોડી આવે અને હંગામો થઈ જાય, પરંતુ આજના દૌરમાં મા-ની ગોદમાં થી ખુબજ ધીરજ અને ચાલાકીયોં થી બાળકોને ગંદા અને ગુમરાહીના માહોલમાં લઈ જવા માટે છીનવી લેવામાં આવે છે. પરંતું આપણને તેની ખબર નથી, અને એહસાસ પણ નથી.

(૧૬) દરેક ઠેકાણે દુનિયાના બધાજ કામો થતા હોય, શાદીયો ધુમધામથી થતી હોય, બારાતો નિકળતી હોય, લાખોનું દહેજ અપાતું હોય, સરકારી બાબુઓની ખુશામદો કરવામાં આવતી હોય, ચુંટણીઓ લડવામાં આવતી હોય, આ બધું તોફાન કરનારાઓ મકતબ માટે ત્રણ મુદર્રિસ નથી રાખી શકતા ?

અલ્લાહ કયામતના દિવસે સવાલ પુછશે. તો તમારી પાસે તેનો કયો જવાબ હશે ? હકીકતમાં આપણે કોઈ જવાબ આપી શકીશું નહી.

(૧૭) લાખોની આવકવાળા શહેરોમાં વસતા મુસલમાનો દીની તાલીમ માટે કોઈ મજબુત વ્યવસ્થા ફકત પૈસાની કમીના કારણે ન કરી શકે આપની પાસે આનો કોઈ જવાબ છે ? (તકબીરે મુસલસલ-૯૨)

(૧૮) હઝરત મૌલાના મન્ઝુર નોઅમાની (રહ.) ફરમાવે છે કે, આજના સમયમાં મુસલમાન ઈઝ્ઝત સાથે હરગીઝ જીવન પસાર નહી કરી શકે. જ્યાં સુધી તેઓ પેટે પાટા બાંધી દીની મકતબો કાયમ કરી તેનો નિભાવ ખર્ચ ન ઉપાડે.

એક ચળવળ એ પણ ઊભી કરવી પડશે કે આપણા બાળકો આપણા મદ્રસામાં જ તાલીમ હાસિલ કરે. (તકબીરે મુસલસલ)

અલ્લાહ તઆલા સર્વેને તેની મરજી પર ચાલવાની અને પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મુબારક શરીઅત અને સુન્નતોં પર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે. આમીન

يَارَبِّ صَلِّ وَسَلِّمْ دَآئِمًا اَبَدًا، عَلٰى حَبِيْبِكَ خَيْرِ الْخَلْقِ كُلِّهِمْ

وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ۝

بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۝

# -: દુનિયા આખિરતની ખેતી :-

દુનિયાનું જીવન એક પ્રકારની પરિક્ષા છે. માણસ માટે ભવિષ્ય (આખિરત)ની તૈયારી કરવાનો મૌકો છે. આ મૌકાને ભુલી-ચૂકીને માણસ જો દુનિયાના ખેલકૂદમાં મશ્ગુલ થઈ જાય તો એનાથી મોટી બીજી કોઈ ગફલત નથી.

ખેતરના પાકની જેમ માણસનું જીવન અનેક તબક્કાઓથી પસાર થાય છે. છેલ્લે એની મહેનતનું ફળ મળે છે. એજ પ્રમાણે જીવન પણ એના અંતે માણસને એની મહેનતનું ફળ આપે છે.

મૃત્યુ એ માનવ અસ્તિત્વનો છેલ્લો પડાવ નથી. બલ્કે મૌત પછી અલ્લાહ તઆલાના દરબારમાં હાજર થવાનું છે. મુસલમાનો માટે આ અકીદો રાખવો અને તેને એક સચોટ સત્ય તરીકે સ્વીકારવું જરૂરી છે.

## -: સદકએ જારિયહની એક તક :-

કૌમના બાળકો આપણી પાસે એક અમાનત છે. આપણું ઊજળું ભવિષ્ય તેમની ઈસ્લાહ પર આધારિત છે. બાળકો માટે ઈસ્લામી તાલીમનો બંદોબસ્ત તથા ઈમાન,યકીન સહી અને મજબુત કરવું, તેમજ સુન્નતે નબવી (સ.અ.વ.) ના પાબંદ બનાવવા આપણું દીની કર્તવ્ય છે.

આવા નેક અને સદગુણોવાળા બાળકો જ સમાજના સાચા સેવક અને આપણા કલેજાની ઠંડક અને સદકએ જારિયહ બની શકે છે. આ હેતું પાર પાડવા બુર્ઝુર્ગોએ મકતબો અને મદ્રસાઓની સ્થાપના કરી છે. તેના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

મકતબની સહી તાલીમજ સારા પિરણામો પ્રાપ્ત કરવાનો તાકતવર અને અસર કારક ઈલાજ છે. એટલા માટે જ આપણા બુર્ઝુગોએ આ સચોટ ઈલાજ થી લાભ લેવા વારંવાર પ્રેરિત કર્યા છે. માટે આપણે તથા ઊમ્મતીયોંએ દીનની બુનિયાદી તાલીમ હાસિલ કરવી જોઈએ.

અલ્લાહ તઆલાએ અર્પણ કરેલા માલ દૌલતને રાહે ખુદામાં ખર્ચ કરી તથા ઔલાદને નેક અને દીનદાર બનાવી મરનાર મોમિનને તેના મૃત્યુ પછી સદકએ જારિયહ રૂપે ફેઝ પહોંચતો રહેશે.

ફાઝીલ પ્રિન્ટર્સ, અંકલેશ્વર. મો. [illegible]